RNI NO GUJ/GUJ/2006/24237

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ શ્રાવણ વદ - ૧૩ | બુધવાર તા.૦૯-૦૯-૨૦૨૬ | અંક : ૬૬ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# અમેરિકાએ ૫ ઈરાની ઓઈલ ટેન્કર નષ્ટ કર્યા

## મધ્યપૂર્વના ખાડી વિસ્તારમાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ, વિશ્વભરમાં કાચા ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો

તહેરાન,

અમેરિકા અને ઈરાન વચ્ચેનો વિવાદ હવે અત્યંત ગંભીર વળાંક લઈ ચૂક્યો છે. ઈરાન દ્વારા અમેરિકન નૌસેનાના જહાજ પર મિસાઈલ હુમલાના પ્રયાસ બાદ, અમેરિકાએ જડબાતોડ જવાબ આપતાં ઈરાન સાથે જોડાયેલા ૫ ઓઈલ ટેન્કરોને તબાહ કરી દીધા છે. આ કાર્યવાહી બાદ મધ્ય પૂર્વના ખાડી વિસ્તારમાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે અને વિશ્વભરમાં કાચા ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો છે.



અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ મુજબ, ઈરાને છેલ્લા બે દિવસમાં અમેરિકન નૌસેનાના જહાજ પર બે વાર બેલેસ્ટિક મિસાઈલો દાગી હતી. જોકે, આ હુમલામાં અમેરિકાનું જહાજ બચી ગયું હતું અને કોઈ સૈનિકને ઈજા થઈ નહોતી. ઈરાનના આ હુમલાના જવાબમાં અમેરિકન સેનાએ ઓમાનની ખાડી અને ખાર્ગ દ્વીપ નજીક રહેલા ઈરાનના ૫ ઓઈલ ટેન્કરોને ટાર્ગેટ કરીને તેને સંપૂર્ણપણે નકામા બનાવી દીધા છે.અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે જહાજો પર હુમલો કરતા પહેલાં જ તેમાં સવાર ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત બહાર નીકળવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ હુમલામાં જે ૫ ટેન્કરોને નિશાન બનાવાયા છે તેમાં M/T Kaviz, M/T Charminar, M/T Hroizon 1, M/T Riesco અને M/T Derya નો સમાવેશ થાય છે. આ તમામ જહાજો ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) ના ઓઈલ નેટવર્ક સાથે જોડાયેલા હતા.

અમેરિકન સેનાના આરોપ મુજબ, આ ઓઈલ ટેન્કરો દ્વારા ઈરાન અબજો ડોલરની કમાણી કરતું હતું, જેનો ઉપયોગ ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સ અને તેના સહયોગી સંગઠનોને ફંડ આપવા માટે થતો હતો. આ આર્થિક મદદ રોકવા માટે અમેરિકાએ આ ઓઈલ નેટવર્ક પર સીધો પ્રહાર કર્યો છે.

# સિંગાપોર PM લોરેન્સ વોંગના પગારમાં ૬૪ ટકાનો વધારો

## વાર્ષિક પેકેજ વધીને ૨૬૯ મિલિયન થયું, અમેરિકી રાષ્ટ્રપતિ કરતા સાત ગણો વધુ પગાર

સિંગાપોર,

સિંગાપોરના વડા પ્રધાન લોરેન્સ વોંગના પગારમાં ૬૪ ટકાનો મોટો વધારો કરવામાં આવ્યો છે. આ પગાર વધારા સાથે તેમનું વાર્ષિક પેકેજ વધીને ૩.૬ મિલિયન સિંગાપોર ડોલર એટલે કે ભારતીય ચલણમાં આશરે ૨૬૯ મિલિયન રૂપિયા (૨૬.૯ કરોડ રૂપિયા) થઈ ગયું છે. આ પગાર અમેરિકી રાષ્ટ્રપતિના પગાર કરતા લગભગ સાત ગણો વધુ છે.

આગામી ૧૫ ઓક્ટોબરથી અમલમાં આવનારા આ નવા પગાર વધારા અંતર્ગત એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા વડા પ્રધાન લોરેન્સ વોંગે જાહેરાત કરી છે કે આ વધેલી રકમ તેઓ આગામી ૫ વર્ષ સુધી સતત ચેરિટીમાં દાન કરશે. સિંગાપોરમાં મંત્રીઓ અને વડા પ્રધાનના પગાર બજારમાં પ્રવર્તતા ઉચ્ચ કોર્પોરેટ વેતનને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે, જેથી સક્ષમ નેતાઓ આકર્ષિત થઈ શકે અને ભ્રષ્ટાચારને અંકુશમાં રાખી શકાય.

તેમ છતાં, વોંગ દ્વારા આ રકમ દાન કરવાનો નિર્ણય તેમની લોકકલ્યાણની ભાવના અને સાદાઈ દર્શાવે છે.

# બ્રિટનમાં એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ટેક્નિકલ ખામી: ૩૦૦ ફ્લાઈટ્સ કેન્સલ

## હિથ્રો અને ગેટવિક સહિત અનેક એરપોર્ટ પર ફ્લાઈટ શિડયુલ ખોરવાતા અરાજકતા સર્જાઈ

લંડન,

બ્રિટનમાં મંગળવારે એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ટેકનિકલ ખામીના કારણે ૩૦૦ જેટલી ફ્લાઈટ્સ રદ કરાઈ હતી. બ્રિટનની નેશનલ એર ટ્રાફિક સર્વિસે કહ્યું કે, મંગળવારે બપોરે કેટલાક વિમાનોને સુરક્ષિત ઉડ્ડયનમાં સમસ્યા સર્જાઈ હતી. એન્જિનિયરોએ તાત્કાલિક આ ખામી પર કામ કર્યું હતું અને થોડા સમયમાં ખામી સુધારી લેવાઈ હતી. જોકે, આ ખામીના કારણે ૩૦૦ જેટલી ફ્લાઈટના ઉડ્ડયનમાં વિલંબ થયો હતો.રાષ્ટ્રીય હવાઈ ટ્રાફિક નિયંત્રણ સેવા (નેટ્સ)એ કહ્યું કે, અમારી ફ્લાઈટ સિસ્ટમમાં સુધારો કરી લેવાયો છે. ફ્લાઈટ્સમાં વિલંબ થવાથી હિથ્રો અને ગેટવિક સહિત અનેક એરપોર્ટ પર અરાજક્તા સર્જાઈ હતી અને હજારો પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. નેટ્સે પ્રવાસીઓને થયેલી અસુવિધા માટે માફી માગી હતી.

ફ્લાઈટરડાર ૨૪ વેબસાઈટે જણાવ્યું કે, એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ખામીના કારણે બ્રિટિશ એરવેઝ, ઈઝીજેટ, કેએલએમ અને લુફ્થાન્સા સહિત અનેક એરલાઈન્સના ફ્લાઈટ શિડયુલ ખોરવાઈ ગયા હતા.

# યુએનના નવા નકશામાં ભારતને ઝટકો, અરુણાચલ પ્રદેશ અને અક્સાઈ ચીન ભારતથી અલગ દર્શાવાયા!

## ભારત અને પાક. વચ્ચેની એલઓસીને ડોટ રેખા તરીકે દર્શાવાઈ

નવી દિલ્હી,

સંયુક્ત રાષ્ટ્રએ વિશ્વનો નકશો બદલી નાખ્યો છે, જે નવો નકશો જાહેર કરવામાં આવ્યો તેને ભારત દ્વારા પણ સમર્થન જાહેર કરાયું હતું. જોકે હવે આ નકશામાં ભારતને જ સંયુક્ત રાષ્ટ્રએ ઝટકો આપ્યો છે. કેમ કે નવા વૈશ્વિક નકશામાં ભારતના અક્સાઈ ચીન અને અરુણાચલ પ્રદેશ બન્નેને ભારતથી અલગ કરીને દર્શાવાયા છે, એટલુ જ નહીં ભારતના આ બન્ને વિસ્તારોને સ્વતંત્ર દેખાડવામાં આવ્યા છે. અગાઉ ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં આ નકશાને સાચો ગણાવીને તેનું સમર્થન કર્યું હતું. જોકે હવે નકશામાં મોટી ભુલ સામે આવી છે.

તાજેતરમાં જ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વનો નવો નકશો જાહેર કરવામાં આવ્યો હતો, જોકે નવા નકશા માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો, જેને ભારત સહિત ૧૬૦ કરતા વધુ દેશોએ સમર્થન આપ્યું હતું. માત્ર અમેરિકા દ્વારા જ તેનો વિરોધ કરાયો હતો કેમ કે નવા નકશામાં આફ્રિકાને અમેરિકા કરતા મોટું દેખાડવામાં આવ્યું છે. હવે જ્યારે નકશો સામે આવ્યો છે ત્યારે સંયુક્ત રાષ્ટ્રએ ભારતને ઝટકો આપ્યો છે. ચીન વારંવાર ભારતના જે અરુણાચલ પ્રદેશ પર દાવો કરતું આવ્યું છે તેને સંયુક્ત રાષ્ટ્રના આ નકશામાં ભારતથી અલગ કરીને એક સ્વાયત પ્રાંત તરીકે દર્શાવવામાં આવ્યું છે. એટલુ જ નહી ભારતના લદ્દાખનો હિસ્સો અક્સાઈ ચીનને પણ આ નવા નકશામાં ભારતથી અલગ દર્શાવવામાં આવ્યું છે. વિશ્વના નવા નકશામાં એક ટપકાવાળી લાઈન દેખાડવામાં આવી છે, આ લાઈન ભારત અને પાકિસ્તાન વચ્ચે જમ્મુ કાશ્મીર વિભાજીત કરનારી એલઓસીને દર્શાવી રહી છે.

# ભાવનગર લઠ્ઠાકાંડ બાદ રાજ્યમાં નકલીના ડરથી લોકો હવે 'લીગલ પરમિટ' તરફ વળ્યા

## ઓગસ્ટ-૨૫ની સરખામણીએ ઓગસ્ટ-૨૬માં નવા પરમિટ ધારકો તેમજ રિન્યુઅલ કરાવનારાની સંખ્યામાં લગભગ બમણો વધારો નોંધાયો

અમદાવાદ,

ઓગસ્ટ ૨૦૨૬માં ભાવનગરમાં સર્જાયેલા લઠ્ઠાકાંડ બાદ રાજ્યમાં ફરીથી દારૂબંધીની ચર્ચા શરૂ થઈ હતી. ભાવનગરમાં આલ્કોહોલ મિશ્રિત નકલી દારૂ પીવાના કારણે અનેક લોકોની તબિયત લથડી હતી, જેમાં ૧૩ લોકોના મોત નીપજ્યા હતા અને ૫૦થી વધુ લોકોને હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી.એફએસએલ રિપોર્ટમાં દારૂના નમૂનાઓમાં આશરે ૩૮.૫% ઝેરી મિથાઈલ આલ્કોહોલ મળી આવ્યું હતું, જે સીધું મોતનું કારણ બન્યું હતું. દારૂ બનાવનાર મુખ્ય આરોપી નરેન્દ્ર યાદવનું પણ આવો દારૂ પીવાથી મોત નીપજ્યું હતું. ભાવનગર લઠ્ઠાકાંડ બાદ લોકો અસુરક્ષિત અને ઝેરી દારૂના સેવનથી બચવા માટે લોકો હવે કાયદેસરની હેલ્થ પરમિટ તરફ વળી રહ્યા છે.

નશાબંધી અને આબકારી ખાતાના સત્તાવાર આંકડાઓ મુજબ, ઓગસ્ટ ૨૦૨૫ની સરખામણીએ ઓગસ્ટ ૨૦૨૬માં લિકર હેલ્થ પરમિટધારકોની સંખ્યામાં લગભગ ૮૮.૯ ટકાનો તોતિંગ ઊછાળો નોંધાયો છે. એપ્રિલ ૨૦૨૬માં ઘટીને માત્ર ૧૧ થઈ ગયેલી પરમિટની સંખ્યા ઓગસ્ટ મહિનામાં સીધી ૩૨૩ પર પહોંચી ગઈ છે. ઝેરી દારૂને કારણે જીવ ગુમાવવાના ડર અને પોલીસની કડકાઈને કારણે પરમિટધારકોમાં કાયદેસર 'પીવા' તરફ ઝૂકાવ જોવા મળ્યો છે. સિવિલમાં ૮ મહિનામાં ૨,૬૭૦ લોકોએ દારૂની હેલ્થ પરમિટ લીધી છે. જેમાં ૧૫૫ મહિલાઓએ પણ મંજૂરી મેળવી છે. વર્ષ ૨૦૨૫ના ઓગસ્ટની સરખામણીએ વર્ષ ૨૦૨૬ના ઓગસ્ટમાં નવા પરમિટ ધારકો તેમજ રિન્યુઅલ કરાવનારાની સંખ્યામાં લગભગ બમણો વધારો નોંધાયો હતો.

રાજ્યમાં અલગ અલગ કેટેગરીમાં આશરે ૫૦ હજારથી વધારે માન્ય પરમિટ ધારક છે. અમદાવાદ શહેરમાં ૧૪,૭૦૦ લિકરપરમિટ ધારકો છે. જ્યારે સુરત શહેરમાં ૯૦૦૦ અને રાજકોટમાં આશરે ૪૩૦૦ છે. જયારે વડોદરામાં ૩૨૦૦થી વધારે છે જયારે જામનગરમાં ૨૨૦૦થી વધારે છે. ગાંધીનગરમાં ૧૬૦૦ જેટલા લોકો પાસે લિકર પરમિટ છે. ગુજરાત 'ડ્રાય સ્ટેટ' હોવાથી દારૂના વેચાણ અને સેવન પર સખત પ્રતિબંધ છે. તેમ છતાં, ચોક્કસ નિયમો અને પરમિટ સિસ્ટમ દ્વારા કેટલાક લોકોને છૂટછાટ મળે છે.

# સત્ય નિકેતન દુર્ઘટના બાદ દિલ્હીમાં ૫૧ જર્જરિત ઈમારતો ઉપર શરુ થઈ ડિમોલિશનની કામગીરી


## રાજધાની દિલ્હીમાંગેરકાયદેસર બાંધકામો સામે મોટા પાયે કાર્યવાહી હાથ ધરાઈ

નવી દિલ્હી,

દિલ્હીમાં થોડા દિવસ પહેલા સત્ય નિકેતનમાં એક ઈમારત ધરાશાયી થઈ હતી. જેમાં ૭ લોકોના કરૂણ મોત થયાં હતાં. આ દુર્ઘટના બાદ હવે સ્ઝ્રઙ્ઘ એ દિલ્હીમાં જર્જરિત અને નિયમોનું ઉલ્લંખન કરવામાં આવ્યું હોય તેવી ઈમરાતો સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે સત્ય નિકેતનની આસપાસ આવેલી જર્જરિત ઈમારતોને પણ ધ્વસ્ત કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જે ઈમારતો જોખમી હાલતમાં છે તેને પાડી દેવા માટેની કાર્યવાહી સ્ઝ્રઙ્ઘ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે.

ડિમોલિશન પહેલા જોખમી ઈમારતોને લોખંડના બીમથી ટેકો આપવામાં આવી રહ્યો છે જેથી આસપાસની મિલકતો અથવા કામગીરી કરી રહેલી ટીમને નુકસાન પહોંચાડ્યા વિના તેમને સુરક્ષિત રીતે તોડી શકાય! સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે સ્ઝ્રઙ્ઘની ટીમ દ્વારા સર્વે કરવામાં આવ્યું તેના પછી આ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સર્વેમાં દિલ્હીની ૫૧ ઈમારતો જોખમી અને જર્જરિત હોવાનું સાબિત થયું છે. આ ૫૧ ઈમારતોમાંથી ૨૭ ઈમારતોને પાડી દેવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે. આ સિવાય સાત ઈમારતોને સીલ કરી દેવામાં આવી છે. જ્યારે ૩૫ બિલ્ડિંગના માલિકોને નોટિસ આપી દેવામાં આવી છે.

સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણ સ્ઝ્રઙ્ઘએ વેસ્ટ ઝોન અને શાહદરામાં જર્જરિત ઈમારતોને પાડી દેવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશને છેલ્લા ત્રણ મહિનામાં રાજધાનીમાં ગેરકાયદેસર બાંધકામો સામે મોટા પાયે કાર્યવાહી હાથ ધરી છે. સ્ઝ્રઙ્ઘના રિપોર્ટ પ્રમાણે અનધિકૃત બાંધકામો અંગે ૧,૫૫૧ કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી હતી. કોર્પોરેશને તે જ સમય મર્યાદામાં ૭૫૩ તોડી પાડવાના આદેશો પણ જારી કર્યા હતા. અહેવાલ મુજબ, ગેરકાયદેસર બાંધકામો સામે સ્ઝ્રઙ્ઘ ની ઝુંબેશ હજી પણ ચાલી રહી છે. એક જ દિવસમાં ૧૭ મિલકતો પર તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવી હતી, જ્યારે ૫ મિલકતો સીલ કરવામાં આવી હતી.



સૌરાષ્ટ્ર આસપાસ

## એચઆઈવી સામે આશાનું નવું કિરણ

એચઆઈવીને નાબૂદ કરવાનો માર્ગ હવે વૈજ્ઞાનિકોને જડી ગયો હોવાની આશા જાગી છે. જર્મનીની યુનિવર્સિટી ઓફ કોલોનના વૈજ્ઞાનિકોએ શોધેલા નવા એન્ટિબોડી ૦૪–૭૦૬ એ પ્રયોગશાળામાં ૯૮.૫ ટકા જેટલા ચકાસાયેલા છે. તેણે એચઆઈવી સ્ટ્રેનને રોકવાની ક્ષમતા દર્શાવી છે. હવે તેના ક્લિનિકલ પરીક્ષણો સફળ થાય અને મનુષ્યોમાં પણ તેની અસરકારકતા તથા સલામતી સાબિત થાય તો એચઆઈવીના સંક્રમણને રોકવા અને સારવારના ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તન આવી શકે છે. એક દિવસ વિશ્વમાંથી એચઆઈવીને નાબૂદ કરવાની દિશામાં આ શોધ મહત્વનું પગલું બની શકે છે. જોકે, હાલ તેને અંતિમ સારવાર કે એચઆઈવીનો સંપૂર્ણ અંત લાવતી દવા માનવી વહેલું થશે.

વિશ્વમાં એચઆઈવી સામેની લડાઈને દાયકાઓ વીતી ગયા છે. એચઆઈવી શરીરની રોગપ્રતિકારક શક્તિને ધીમે ધીમે નબળી બનાવે છે અને યોગ્ય સારવાર ન મળે તો એઈડ્સ જેવી ગંભીર સ્થિતિ ઊભી થઈ શકે છે. અત્યાર સુધીની દવાઓએ એચઆઈવી ધરાવતા લોકોનું જીવન લાંબું અને વધુ સારું બનાવવામાં મોટી ભૂમિકા ભજવી છે. એન્ટિરેટ્રોવાયરલ સારવારથી શરીરમાં રહેલા વાયરસની માત્રા એટલી ઓછી કરી શકાય છે કે તે સામાન્ય પરીક્ષણોમાં શોધી પણ ન શકાય. છતાં શરીરમાં રહેલા વાયરસને સંપૂર્ણપણે દૂર કરવાની સમસ્યા યથાવત્ છે.આ પરિસ્થિતિમાં ૦૪–૭૦૬ એન્ટિબોડીની શોધ આશાનું નવું કિરણ બની છે. કોલોન યુનિવર્સિટીના સંશોધકોના નેતૃત્વ હેઠળ થયેલા અભ્યાસમાં આ એન્ટિબોડીએ ૩૦૦થી વધુ અલગ-અલગ એચઆઈવી સ્ટ્રેન સામે પરીક્ષણ દરમિયાન લગભગ ૯૮.૫ ટકા વાયરસને નિષ્ક્રિય કરવાની ક્ષમતા દર્શાવી હતી. ખાસ વાત એ છે કે આ એન્ટિબોડી વાયરસના એવા મહત્વપૂર્ણ ભાગને નિશાન બનાવે છે જેમાં મોટો ફેરફાર કરવો એચઆઈવી માટે સહેલો નથી. તેથી વાયરસમાં સામાન્ય રીતે જોવા મળતા કેટલાક ફેરફારો સામે પણ તેની અસર જળવાઈ રહી હતી.એચઆઈવી સામેની સારવારમાં સૌથી મોટો પડકાર વાયરસની બદલાતી પ્રકૃતિ છે. એચઆઈવી ઝડપથી પોતાના સ્વરૂપમાં ફેરફાર કરી શકે છે. પરિણામે એક પ્રકારના વાયરસ સામે અસરકારક રહેલી દવા કે એન્ટિબોડી સામે સમય જતાં પ્રતિકાર ઊભો થઈ શકે છે.

# ૨૦૧૪માં એનડીએ સરકાર સત્તામાં આવ્યા પછી ૨૮૦૦ કિલોમીટરનો કોરિડોર ૧૨ વર્ષમાં પૂર્ણ થયો

## પીએમ મોદીએ સમગ્ર વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું

વડોદરા,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારે મહારાષ્ટ્ર અને ગુજરાતની મુલાકાત કરી. આ દરમિયાન, તેઓ રૂ. ૩૫,૦૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું . પીએમ મોદીએ વડોદરામાં વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ત્રણ વિભાગોનું ઉદ્ઘાટન કર્યું, જે કુલ ૩૨૬ કિલોમીટર લાંબા છે. આ ઉદ્ઘાટન સાથે, ગૌતમ બુદ્ધ નગરના દાદરીના જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ સુધી વિસ્તરેલો આ કોરિડોર સંપૂર્ણપણે કાર્યરત થઈ ગયો છે. આ કોરિડોર ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રથી ઇલેક્ટ્રિક માલગાડીઓ માટે લેન્ડસ્કેપ બદલવા માટે તૈયાર છે. ઉત્તર પ્રદેશના દાદરીથી શરૂ થતો અને મહારાષ્ટ્રના જવાહરલાલ નહેરુ પોર્ટ પર સમાપ્ત થતો પશ્ચિમી સમર્પિત માલગાડી કોરિડોર ૧,૫૦૬ કિલોમીટર લાંબો માલગાડી રેલ માર્ગ છે.

પીએમ મોદીએ નોંધ્યું હતું કે ૨૦૦૪માં યુપીએ સરકારના આયોજન પછીના ૧૦ વર્ષ દરમિયાન આ કોરિડોર પર કામ અટકી ગયું હતું. ૨૦૧૪માં એનડીએ સરકાર સત્તામાં આવ્યા પછી, ૨,૮૦૦ કિલોમીટરનો કોરિડોર ૧૨ વર્ષમાં પૂર્ણ થયો. આનાથી માલગાડીઓની ગતિ ૨૫ થી વધીને ૬૫ કિલોમીટર પ્રતિ કલાક થઈ ગઈ છે. માલગાડીઓ, જે પહેલા ૧૦૦ કિમીનું અંતર કાપવામાં છ કલાક લેતી હતી, હવે ત્રણ કલાકથી ઓછા સમય લે છે.

કોરિડોરના ત્રણ વિભાગો પર ૨૦,૭૦૦ કરોડથી વધુનો ખર્ચ થયો છે. આમાં સાણંદ-મકરપુરા, ન્યુ ઉમ્બરગાંવ-ન્યૂ સફેલ અને ન્યુ સફેલ-જેએનપીટી સેક્શનનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ ન્યુ સાણંદ નોર્થ, ન્યુ મકરપુરા, ન્યુ ઉમ્બરગાંવ અને ન્યુ જેએનપીટી મુંબઈથી માલગાડી ટ્રેન સેવાઓને પણ લીલી ઝંડી આપી હતી. તેમણે વડોદરા અને ટાંડા રોડ વચ્ચે નવી ટ્રેન સેવાને પણ લીલી ઝંડી આપી હતી. આનાથી વડોદરા, છોટા ઉદેપુર અને અલીરાજપુર જિલ્લાઓને ફાયદો થશે.

વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરની ૧,૫૦૬ કિલોમીટર લાંબી ડબલ રેલ લાઈન ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગરના દાદરીથી જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ, નવી મુંબઈ, મહારાષ્ટ્ર સુધીની છે. આ સેક્શન ઉત્તર પ્રદેશમાં ૧૮ કિમી, હરિયાણામાં ૧૭૭ કિમી, રાજસ્થાનમાં ૫૬૭ કિમી, ગુજરાતમાં ૫૬૫ કિમી અને મહારાષ્ટ્રમાં ૧૭૭ કિમી આવરી લે છે. તે ડબલ-સ્ટેક કન્ટેનર ટ્રેનો ચલાવે છે, એટલે કે એક ઉપર સ્ટેક કરેલા કન્ટેનર અનેક ભાર વહન કરી શકે છે. આ હાંસલ કરવા માટે, ઈલેક્ટ્રિક લાઈનોને ઉંચી કરવામાં આવે છે. એક જ ટ્રેન ૧.૫ કિલોમીટર લાંબી લંબાઈ સાથે ૧૩,૦૦૦ ટન સુધીનો કાર્ગો વહન કરી શકે છે. સમગ્ર કોરિડોરને રેલ્વે ક્રોસિંગ-ફ્રી બનાવવામાં આવ્યો છે જેથી ટ્રેનો રોકાયા વિના ચાલે. વેસ્ટર્ન ફ્રેઈટ કોરિડોર નવા દાદરી જંક્શન પર ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (લુધિયાણાથી સોનનગર) સાથે પણ જોડાયેલ છે.

ઉત્તર ભારતના ઉત્પાદન કેન્દ્રોથી સીધા બંદરો સુધી ઉત્તર પ્રદેશ-હરિયાણાઃ દાદરી, રેવાડી, નારનૌલ, રાજસ્થાનઃ શ્રી માધોપુર, રિંગાસ, ફુલેરા (જયપુર નજીક), અજમેર, મારવાડ જંકશન,ગુજરાતઃ પાલનપુર, સાબરમતી-આંબલી રોડ (અમદાવાદ), મકરપુરા (વડોદરા), સચિન (સુરત),મહારાષ્ટ્રઃ ઉમરગામ, સફાલે, વસઈ રોડ અને જેએનપીટી બંદર નવી મુંબઈ દિલ્હી-એનસીઆરઝઈ થી મુંબઈ અને ગુજરાતના બંદરો સુધી માલસામાનનો પરિવહન સમય, જે પહેલા ૪૮ થી ૭૨ કલાકનો હતો, તે હવે ઘટીને ૨૪ કલાકથી ઓછો થઈ ગયો છે. આ દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર ની સમાંતર બનાવવામાં આવ્યો છે.

# ૫૦૦ પુરુષોએ ડમરુ વગાડી અને ૩૦ બહેનોએ ઢોલ-ત્રાંસા સાથે પ્રધાનમંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું

## નવસારીમાં વડાપ્રધાન મોદીએ એઆઇ આધારિત ‘નમો કમલમ’નું લોકાર્પણ કર્યું




નવસારી,

વડોદરાનો કાર્યક્રમ પૂર્ણ કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવસારી પહોંચ્યા હતા, જ્યાં તેમણે નેશનલ હાઈવે ગ્રીડ નજીક ભાજપના દેશના પ્રથમ એઆઇ (કૃત્રિમ બુદ્ધિમત્તા) આધારિત અત્યાધુનિક કાર્યાલય ‘નમો કમલમ’નું ભવ્ય લોકાર્પણ કર્યું હતું. આ ઐતિહાસિક પ્રસંગને લઈને દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર નવસારી જિલ્લામાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમ સ્થળે ૫,૦૦૦થી વધુ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાનનું હેલિપેડ પર આગમન થતાં જ અનોખી અને પરંપરાગત શૈલીમાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ ૧,૧૦૦ બહેનોએ માથે કળશ મૂકીને તેમના આગમનને વધાવ્યું હતું. આ ઉપરાંત, ૫૦૦ પુરુષોએ વિશેષ ડમરુ વાદન કરી વાતાવરણને શિવમય બનાવ્યું હતું, જ્યારે ૩૦ બહેનોએ ઢોલ-ત્રાંસાના તાલ સાથે પરંપરાગત વાદ્યો વગાડી સમગ્ર પરિસરને ગજવી નાખ્યું હતું. લોકાર્પણ બાદ વડાપ્રધાનશ્રીએ ‘નમો કમલમ’ પરિસરની મુલાકાત લઈ તેની વિસ્તૃત સમીક્ષા કરી હતી. તેમણે મુખ્ય કાર્યાલય, અદ્યતન મીડિયા સેન્ટર અને ડિજિટલ કોલ સેન્ટરની કાર્યપ્રણાલીનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. આ સાથે તેમણે આધુનિક લાઈબ્રેરી, સાંસદ અને ધારાસભ્ય માટેની ખાસ કેબિન તેમજ પંડિત દીનદયાળ મીટિંગ હોલ, ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી હોલ અને અટલ સભાખંડની પણ મુલાકાત લીધી હતી.આ ઐતિહાસિક કાર્યક્રમના સીધા પ્રસારણ માટે જિલ્લાભરમાં વ્યાપક ડિજિટલ આયોજન કરાયું હતું.

# વિકસિત ભારત તરફની યાત્રાને વધુ વેગ આપવા માટે હું આજે તમારી વચ્ચે આવ્યો છું : પીએમ મોદી

## ગુજરાતના વડોદરામાં ‘નમો ફોર વિકાસ ભારત’ કાર્યક્રમમાં પીએમ મોદીની અનોખી શૈલી જોવા મળી

વડોદરા,

ગુજરાતના વડોદરામાં ‘નમો ફોર વિકાસ ભારત’ કાર્યક્રમમાં પીએમ મોદીની અનોખી શૈલી જોવા મળી. પીએમ મોદી કાર્યક્રમમાં હાજર યુવાનોને ઉત્સાહપૂર્વક મળ્યા. જનરલ ઝેડ પ્રત્યેનો તેમનો અભિગમ નોંધપાત્ર હતો. સ્ટેજ પર, પીએમ મોદીએ હાથ લહેરાવીને હાજર યુવાનોનું અભિવાદન સ્વીકાર્યું. તેઓ ત્યાં અટક્યા નહીં. તેઓ આગળ વધ્યા અને તેમની સાથે સીધી વાતચીત કરી.

આ કાર્યક્રમ દરમિયાન હાજર જનરલ ઝેડ લોકો ખૂબ ખુશ હતા. દરેકના મોબાઈલ ફોનના કેમેરા પીએમ મોદી પર કેન્દ્રિત હતા. યુવાનોનો ઉત્સાહ જોઈને પીએમ મોદી પણ ખુશ થયા. તેમણે હાજર દરેક યુવાન સાથે જોડાવાનો પ્રયાસ પણ કર્યો. તેથી, તેઓ હાજર દરેક યુવાન સાથે જોડાવા માટે દરેક શક્ય પ્રયાસ કરીને સ્ટેજ પર આગળ વધતા રહ્યા.

જ્યારે પીએમ મોદી સ્ટેજ પર પહોંચ્યા ત્યારે યુવાનોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત પણ કર્યું. એક યુવાન તેમને એક ફોટોગ્રાફ ભેટ આપવા માંગતો હતો. આ જોઈને, પીએમ મોદી અટકી ગયા અને તેમની ભેટ સ્વીકારી. અન્ય યુવાનો પણ પીએમ માટે કાર્ડ લઈને પહોંચ્યા હતા. પીએમ મોદીએ એક પછી એક લોકોના પ્રેમનો સ્વીકાર કર્યો. કાર્યક્રમમાં હાજર યુવાનો પીએમને પોતાની આટલી નજીક જોઈને ખૂબ ખુશ થયા. તેમનો



ઉત્સાહ ખૂબ જ હતો.

કાર્યક્રમ દરમિયાન, પીએમ મોદીએ જેનજી સાથે સીધો સંવાદ કર્યો. પીએમએ કહ્યું, “વિકસિત ભારત તરફની યાત્રાને વધુ વેગ આપવા માટે હું આજે તમારી વચ્ચે આવ્યો છું.” પીએમ મોદીએ કહ્યું કે તમને દરેક ચોક પર જૂઠાણાના પડઘા જોવા મળશે, પરંતુ ભારતના યુવાનો સત્યની ગર્જના સાથે છે.

## કંપની ન્યૂઝ

### એસેટ રિકન્સ્ટ્રકશન ઈન્ડીયા લિમિટેડનો IPO આજથી ખુલ્યો



એસેટ રિકન્સ્ટ્રકશન ઈન્ડિયા લિમિટેડનો ipo આજથી ખુલ્યો છે . ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ ૧૩૨ થી ૧૩૯ રાખવામાં આવી છે. મીનીમમ ૧૦૭ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૧૦૭ ઈક્વિટી શેર ના ગુણાંક માં અરજી કરાશે ઈશ્યૂ ૯ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે.

### રેન્ટોમોજો લિમિટેડનો IPO આજથી ખુલ્યો



રેન્ટોમોજો લિમિટેડનો ipo આજથી ખુલ્યો છે . ઈશ્યૂની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૩૮૪ થી રૂ.૪૦૪ રાખવામાં આવી છે. મીનીમમ ૩૭ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૩૭ ઈક્વિટી શેર ના ગુણાંક માં અરજી કરાશે ઈશ્યૂ ૯ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે.

### મણિપાલ પેમેન્ટ એન્ડ આઈડેન્ટીટી સોલ્યુશન લિમિટેડનો IPO આજથી ખુલ્યો



મણિપાલ પેમેન્ટ એન્ડ આઈડેન્ટીટી સોલ્યુશન લિમિટેડનો ipo આજથી ખુલ્યો છે . ઈશ્યૂ ની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૩૨૨ થી રૂ.૩૩૯ રાખવામાં આવી છે. મીનીમમ ૪૪ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૪૪ ઈક્વિટી શેર ના ગુણાંક માં અરજી કરાશે ઈશ્યૂ ૯ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે.

### પ્રાસોલ કેમિકલ લિમિટેડનો IPO ૮ સપ્ટેમ્બરથી ખુલી ગયો છે



પ્રાસોલ કેમિકલ લિમિટેડ નો ipo ૮સપ્ટેમ્બરથી ખુલી ગયો છે . ઈશ્યૂની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર દીઠ રુ. ૬૪૩થી રૂ.૬૭૬ રાખવામાં આવી છે. મીનીમમ ૨૨ ઈક્વિટી શેર અને ત્યારબાદ ૨૨ ઈક્વિટી શેર ના ગુણાંક માં અરજી કરાશે ઈશ્યૂ ૮ સપ્ટેમ્બર ના રોજ ખુલશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે.

# સોનીના સીઇઓ હોવર્ડ સ્ટ્રિંગરની સફળતાની સક્સેસ સ્ટોરી

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

સોની કંપનીનો જન્મ ૧૯૪૬માં થયો હતો. તે વખતે જાપાન યુદ્ધમાં હારી ગયું હતું. અમેરિકાના બોમ્બથી ચારેકોર વિનાશ ફેલાયો હતો. લોકો ઘર વગરના હતા. હજારો લોકો ભૂખ્યા અને તરસ્યા હતા. બધા ધંધા ભાંગી પડ્યા હતા. દેશમાં ગરીબી હતી. આવા કપરા સમયે બે યુવાનોએ એક નાનું સપનું જોયું. તેમના નામ મસારુ ઈબુકા અને અકિયો મોરિતા હતા. તેમણે ટોક્યોમાં એક નાની દુકાન શરૂ કરી. તેનું નામ ટોક્યો ત્સુશીન કોગ્યો હતું. તેમની પાસે માત્ર એક લાખ નેવું હજાર યેન હતા. દુનિયામાં ગમે ત્યાં સરળતાથી બોલી શકાય છે.૧૯૬૦માં સોનીએ અમેરિકામાં પોતાની કંપની ખોલી. ૧૯૭૯માં વોકમેન આવ્યું. આ દુનિયાનું પહેલું નાનું સંગીત યંત્ર હતું. લોકો ગમે ત્યાં સંગીત સાંભળી શકતા હતા. પછી સોનીએ ટીવી, કેમેરા અને રમતનું યંત્ર બનાવ્યું. આજે સોની ચાર મોટા કામ કરે છે. યંત્રો, ફિલ્મ, સંગીત અને રમત. નાના બીજમાંથી આજે મોટું ઝાડ બન્યું છે.સોનીની સફળતાને આગળ લઈ જનાર વ્યક્તિ હોવર્ડ સ્ટ્રિંગર છે. મુશ્કેલી એ જ તક છે જે સામાન્ય લોકોને દેખાતી નથી. આ તેમના યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. ત્યાં તેઓ મર્ટન કોલેજમાં ભણ્યા. તેમણે ઈતિહાસમાં ઊંચી ડિગ્રી મેળવી. ઈતિહાસના ભણતરે તેમને દુનિયાને સમજવાની નજર આપી. આ વાત આપણને શીખવે છે કે મુશ્કેલી એ નિષ્ફળતાનું કારણ નથી. હોવર્ડે મુશ્કેલીને તક બનાવી દીધી.ત્રીસ વર્ષની મહેનત એક દિવસમાં દેખાતી નથી. પણ એક દિવસ જરૂર દેખાય છે.૧૯૬૫માં હોવર્ડ અમેરિકા ગયા. તેમની ઉંમર ત્યારે તેવીસ વર્ષની હતી. ત્યાં તેમણે સીબીએસ નામની ટીવી કંપનીમાં કામ શરૂ કર્યું. શરૂઆતમાં તેમને ખૂબ નાનું કામ મળ્યું. તેઓ

**અશક્ય કામને શક્ય કરવાનો વિચાર આવે તો તમે સફળતાના સાચા રસ્તે છો. આવું દુનિયાભરમાં જાણીતી સોની કંપની કહે છે. દુનિયામાં જે કામ અશક્ય લાગે તે કામ પણ માણસ ધારે તો કરી શકે છે. સોનીના વડા એવું માનતા હતા કે જે કામ કોઈએ નથી કર્યું તે કરી બતાવવું એ જ સાચી હિંમત છે. તેમણે આ વાત કરી બતાવી. એટલે જ જાપાનની સોની કંપની આજે પણ દુનિયામાં સૌથી આગળ છે.**

તેમની સાથે વીસ કામદારો હતા.તેમણે એક નાનો લેખ લખ્યો. તેમાં લખ્યું હતું કે અમારે એવો કારખાના બનાવવા છે જ્યાં ખુલ્લા મને કામ થાય. નવી શોધથી જાપાની સંસ્કૃતિને આગળ લઈ જવી એ અમારો હેતુ છે. આ વિચાર ખૂબ મોટો હતો. તૂટેલા દેશમાં બેઠેલા બે યુવાનો આકાશને આંબવાનું વિચારતા હતા. આ જ તેમની પહેલી જીત હતી.શરૂઆતમાં તેમણે ટેપ રેકોર્ડર બનાવ્યું. પછી જાપાનનું પહેલો નાનો રેડિયો બનાવ્યો. આ રેડિયો અમેરિકામાં ખૂબ વેચાયો. ૧૯૫૮માં કંપનીનું નામ સોની રાખવામાં આવ્યું. સોની શબ્દ અવાજ અને ખુશી એવા અર્થવાળા બે શબ્દોને જોડીને બન્યો છે. આ નામ જીવનનું સૂત્ર હતું.હોવર્ડનો જન્મ ૧૯ ફેબ્રુઆરી ૧૯૪૨ના રોજ થયો હતો. તેમનું જન્મસ્થળ કાર્ડિફ છે. કાર્ડિફ વેલ્સ દેશનું મુખ્ય શહેર છે. તેમના પિતા હેરી હવાઈ દળમાં હતા. માતા માર્જોરી શાળામાં શિક્ષિકા હતા. તેમનો પરિવાર સામાન્ય હતો.હોવર્ડનું બાળપણ સ્થિર ન હતું. પિતાની નોકરીને કારણે તેમને વારંવાર શાળા બદલવી પડતી હતી. સોળ વર્ષની ઉંમર સુધીમાં તેમણે અગિયાર શાળામાં ભણતર કર્યું હતું. આ અનુભવે તેમને મજબૂત બનાવ્યા. દરેક નવી જગ્યાએ ગોઠવાઈ જતા તેમને આવડી ગયું. આ ગુણ પાછળથી તેમના કામમાં ખૂબ કામ લાગ્યો.

શાળા પછી તેમણે ઓક્સફોર્ડ એક કાર્યક્રમમાં ફોન ઉપાડતા હતા.છ અઠવાડિયા પછી તેમને લશ્કરમાં જવું પડ્યું. તે સમયે વિયેતનામ યુદ્ધ ચાલતું હતું. તેમણે દસ મહિના સેવા આપી. સારી સેવા માટે તેમને ચંદ્રક મળ્યો. આ અનુભવે તેમને શિસ્ત અને હિંમત શીખવી.લશ્કરમાંથી પાછા આવીને તેઓ ફરી તે જ કંપનીમાં જોડાયા. હવે તેમની સાચી સફર શરૂ થઈ. તેઓ ધીમે ધીમે આગળ વધ્યા. ૧૯૮૬માં તેઓ સમાચાર વિભાગના વડા બન્યા. ૧૯૮૮થી ૧૯૯૫ સુધી તેઓ આખા નેટવર્કના વડા રહ્યા. આ સમયમાં તેમણે નવ મોટા એવોર્ડ જીત્યા. ત્રીસ વર્ષ એક જ કંપનીમાં કામ કરીને તેમણે બતાવ્યું કે સાચા મનથી કામ કરવાથી મોટી સફળતા મળે છે.


૧૯૯૫માં હોવર્ડે જૂની કંપની છોડી. તેમણે નવી કંપની શરૂ કરી. આ કંપની ફોન લાઇનથી વિડીયો પહોંચાડવા માંગતી હતી. આ વિચાર સમય કરતા આગળ હતો. કંપની સફળ ન થઈ. ઘણા પૈસા ખર્ચાયા પછી કંપની બંધ થઈ.

પણ નિષ્ફળતા એ અંત નથી. મે ૧૯૯૭માં તેમને સોનીમાંથી બોલાવવામાં આવ્યા. તેમને સોની અમેરિકાના વડા બનાવવામાં આવ્યા. આ તેમના જીવનનો સૌથી મોટો વળાંક હતો. સોની જાપાની કંપની છે. ત્યાં કામ કરવાની રીત અમેરિકા કરતા અલગ છે. જાપાનમાં જૂથમાં નિર્ણય લેવાય છે. અમેરિકામાં ઝડપથી નિર્ણય લેવાય છે.

હોવર્ડે જાપાની રીત શીખવાનો પ્રયત્ન કર્યો. અમેરિકામાં ફિલ્મ અને સંગીતનો ભાગ તેમની જવાબદારીમાં હતો. તે સમયમાં સ્પાઈડરમેન ફિલ્મ મોટી હિટ બની. તેમણે બતાવ્યું કે વિદેશી હોવા છતાં તેઓ જાપાની કંપનીને સમજી શકે છે. તેઓ હંમેશા કહેતા કે હું હજુ શીખી રહ્યો છું. આ નમ્રતા જ તેમને સફળતા સુધી લઈ ગઈ.૨૨ જૂન ૨૦૦૫ના રોજ હોવર્ડ સ્ટ્રિંગર સોનીના વડા બન્યા. તેઓ સોનીના સાઠ વર્ષના ઈતિહાસમાં પ્રથમ બિન-જાપાની વડા હતા. આ એક ક્રાંતિ હતી. જાપાનની મોટી કંપનીમાં સામાન્ય રીતે જાપાની વ્યક્તિ જ વડા બને છે.તે સમયે સોની મુશ્કેલીમાં હતી. બીજી કંપની ટીવીમાં આગળ નીકળી ગઈ હતી. એક મોટી કંપનીએ નાનું સંગીત યંત્ર બહાર પાડ્યું હતું. વોકમેનનો સમય પૂરો થઈ રહ્યો હતો. સોનીના અલગ અલગ ભાગો એકબીજા સાથે લડતા હતા. કોઈ એકબીજાની વાત સાંભળતું ન હતું.

સ્ટ્રિંગરે નવો નારો આપ્યો. તેમણે કહ્યું કે સોનીને એક કરવી પડશે. યંત્ર અને વાર્તા સાથે કામ કરશે તો જ સોની આગળ વધશે. તેમણે કંપનીના ખર્ચ ઘટાડ્યા. તેમણે જૂના કારખાના બંધ કરાવ્યા. તેઓ ટોક્યોમાં કામ કરતા હતા. પણ તેમનું ઘર ન્યૂયોર્કમાં હતું. પરિવાર ઈંગ્લેન્ડમાં રહેતો હતો. છતાં તેમણે હાર ન માની.વડા બન્યા પછી સમય સરળ ન હતો. જાપાની નાણું મજબૂત થવાથી સોનીના યંત્રો મોંઘા થઈ ગયા. ૨૦૦૮માં દુનિયામાં મંદી આવી. લોકોએ ટીવી અને કેમેરા ખરીદવાનું ઓછું કર્યું. ૨૦૧૧માં જાપાનમાં મોટો ધરતીકંપ થયો. તેનાથી સોનીના ઘણા કારખાના બંધ થઈ ગયા.આ તોફાન વચ્ચે પણ સ્ટ્રિંગરે બે સારા નિર્ણયો લીધા. પહેલો નિર્ણય બીજી કંપની સાથે હાથ મિલાવવાનો હતો. તેમણે સાથે મળીને ટીવી માટે સારી સ્ક્રીન બનાવવાનું શરૂ કર્યું. આનાથી સોનીને સારા ટીવી બનાવવામાં મદદ મળી.બીજો નિર્ણય નાની સંગીત કંપનીમાં પૈસા રોકવાનો હતો. ઘણા લોકોને લાગ્યું કે આ નકામું રોકાણ છે. પણ સ્ટ્રિંગરે ભવિષ્ય જોયું. પાછળથી સોનીને તેમાંથી મોટો નફો થયો. આ તેમની દૂરની નજરનું ઉદાહરણ છે.

તેમણે સોનીની અંદરની સમસ્યા પણ ઓળખી. તેમણે કહ્યું કે સોનીમાં એવી ભાવના છે કે અમે નથી બનાવ્યું તો તે સારું નથી. આ ભાવનાએ સોનીને નુકસાન પહોંચાડ્યું છે.



તેમણે કહ્યું કે બહારના સારા વિચારો પણ અપનાવવા જોઈએ. ૨૦૧૨માં તેમણે વડા પદ છોડ્યું. તેમણે પંદર વર્ષ સોનીમાં કામ કર્યું.હોવર્ડની વાર્તા સામાન્ય માણસની અસાધારણ વાર્તા છે. તેઓ પૈસાદાર પરિવારમાંથી નથી આવતા. તેમણે અગિયાર શાળા બદલી છે. તેમણે ફોન ઉપાડવાનું કામ કર્યું છે. છતાં તેઓ દુનિયાની સૌથી મોટી કંપનીના વડા બન્યા.પહેલો મંત્ર છે ગોઠવાઈ જવું. તેઓ ઈંગ્લેન્ડમાં જન્મ્યા. અમેરિકામાં સ્થાયી થયા. જાપાનની કંપની ચલાવી.બીજો મંત્ર છે સતત શીખવું. તેઓ પત્રકાર હતા. પછી ટીવીના વડા બન્યા. પછી યંત્ર કંપનીના વડા બન્યા.ત્રીજો મંત્ર છે નમ્રતા. મોટા પદે પહોંચ્યા પછી પણ તેઓ પોતાને વિદ્યાર્થી માનતા હતા.ચોથો મંત્ર છે ધીરજ. એક કંપનીમાં તેમણે ત્રીસ વર્ષ કામ કર્યું. સફળતા એક રાતમાં નથી મળતી.પાંચમો મંત્ર છે સાંભળવું. સારા નેતા બીજાની વાત સાંભળે છે.જો તમે આ પાંચ મંત્રો પાળશો તો તમે પણ સફળ થઈ શકો છો. તમારી અંદર પણ એક સોની છે. તેને જગાડો. નવું બનાવો. યુદ્ધની રાખમાંથી ઊભેલી કંપની અને અગિયાર શાળા બદલનાર છોકરો આપણને એ જ શીખવે છે કે હિંમત, મહેનત અને નમ્રતા હોય તો અશક્ય પણ શક્ય બને છે.

# સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૬માં રાજકોટને ૭મો ક્રમ પ્રાપ્ત થયો

## ગુજરાત કક્ષાએ વોર્ડ નં.૨ દ્વિતીય અને વોર્ડ નં. ૫એ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું



રાજકોટ,

ભારત સરકાર દ્વારા હાથ ધરાયેલા સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૬માં ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા દેશના ૪૮ શહેરોમાં રાજકોટે ૭મો ક્રમ મેળવ્યો છે. વર્ષ ૨૦૨૫ના ૧૫માં ક્રમથી આ પ્રગતિ મોનિટરિંગ, સ્વચ્છ પરિવહન, હાઈપરલોકલ ડેટા, શહેરી હરિયાળી અને કચરા નિવારણ ક્ષેત્રે હાથ ધરાયેલા સતત પગલાંનું પરિણામ છે. સ્વચ્છ વાયુ વોર્ડ સર્વેક્ષણમાં ગુજરાત કક્ષાએ રાજકોટના વોર્ડ નં. ૨એ દ્વિતીય અને વોર્ડ નં. ૫એ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રાજકોટ શહેરને સ્વચ્છ, હરિયાળું અને પ્રદૂષણમુક્ત બનાવવાની દિશામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહેલા સતત પ્રયાસોને વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૬માં સમગ્ર ભારત કક્ષાએ રાજકોટ શહેરે ૭મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. સ્વચ્છ વાયુ અને પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ કામગીરી, જનજાગૃતિ પ્રવૃત્તિઓ તેમજ વાયુ પ્રદૂષણ નિયંત્રણ માટેના સતત પ્રયાસોના પરિણામે રાજકોટ શહેરે રાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર સ્થાન મેળવ્યું છે.

આ ઉપરાંત સ્વચ્છ વાયુ સર્વેક્ષણ ૨૦૨૬ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં યોજાયેલા વોર્ડ કક્ષાના સર્વેક્ષણમાં રાજકોટ શહેરના વોર્ડ નં. ૨એ દ્વિતીય ક્રમ અને વોર્ડ નં. ૫એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. વોર્ડ કક્ષાની આ સિદ્ધિ બદલ દ્વિતીય ક્રમે આવેલ વોર્ડ નં. ૨ને રૂ. ૧૫ લાખ તથા તૃતીય ક્રમે આવેલ વોર્ડ નં. ૫ને રૂ. ૧૦ લાખની કુલ-૨૫ લાખની રકમ આપવામાં આવશે.

રાજકોટની મ્યુનિસિપલ બસ ફ્લીટ હવે સંપૂર્ણપણે ડીઝલમુક્ત છે. શહેરમાં ૧૨૫ ઈલેક્ટ્રિક અને ૧૦૦ ઝદ્રય સહિત કુલ ૨૨૫ ક્લીન-ફ્યુઅલ બસો કાર્યરત છે. કુલ ફ્લીટમાં આશરે ૫૬% બસો ઈલેક્ટ્રિક છે અને તેના દ્વારા દર મહિને લગભગ ૧૫ લાખ પેસેન્જર મુસાફરી કરી રહ્યા છે. આ પરિવર્તનથી ડીઝલ ઉત્સર્જન, ધુમાડો, રજકણો અને એન્જિન અવાજ ઘટાડવામાં મદદ મળી છે. ઈલેક્ટ્રિક બસો માટે ૩ ચાર્જિંગ સ્ટેશન ખાતે ૧૧૦ ચાર્જિંગ પોઈન્ટ વિકસાવવામાં આવ્યા છે.તમામ ૧૮ વોર્ડની ૧૫ પ્રદૂષણ શ્રેણીઓ સંબંધિત ૧૧,૩૫૦ હાઈપર લોકલ અવલોકનો સંકલિત કરવામાં આવ્યા છે. ડેશબોર્ડ દ્વારા પ્રદૂષણનું સ્થળ અને સ્થાનિક કારણ ઓળખીને વોર્ડ તથા સ્ત્રોત પ્રમાણે કાર્યવાહી નક્કી કરી શકાય છે. પ્રારંભિક વિશ્લેષણમાં સીડી વેસ્ટનું ખુલ્લું ડમ્પિંગ મુખ્ય સ્ત્રોત તરીકે સામે આવ્યું છે. તેના આધારે તમામ ૧૮ વોર્ડમાં ૨૮૧ સક્રિય સીડી સાઈટનું સર્વેક્ષણ કરીને વેસ્ટના હેન્ડલિંગ, પરિવહન અને નિકાલનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

ઉપલબ્ધ સત્તાવાર આંકડા મુજબ રાજકોટમાં સરેરાશ M10નું સ્તર વર્ષ ૨૦૧૭-૧૮ના ૧૫૦ Ng/mL/ke ઘટીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૯૪ Ng/mL થયું છે, જે ૩૭ %નો ઘટાડો દર્શાવે છે. રાજકોટ મહાનગરપાલિકા સ્વચ્છ પરિવહન, વૈજ્ઞાનિક મોનિટરિંગ, હાઈપરલોકલ ડેટા, શહેરી હરિયાળી અને નાગરિક સહભાગિતા દ્વારા આ પ્રગતિને આગળ વધારવા પ્રતિબદ્ધ છે.

# 'વિરાસતથી વિકાસ-૨૦૨૬' લોકમેળામાં નવોદિત કલાકારોને પ્લેટફોર્મ મળ્યું

## લોક સંગીત, લોક સાહિત્ય, સુગમ સંગીત, લોકનૃત્ય, રાસ, ગરબા સહિતની સાંસ્કૃતિક કૃતિઓએ દર્શકોના મન મોહી લીધા



રાજકોટ:જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ દ્વારા રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા 'વિરાસત થી વિકાસ – ૨૦૨૬ લોકમેળામાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રાજકોટ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પાંચ દિવસીય મેળામાં લાખો લોકોએ આ સાંસ્કૃતિક કાર્યક્રમો મન ભરીને માણ્યા હતાં.

આ અંગે માહિતી આપતા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી એચ.વી.દિહોરાએ જણાવ્યું હતું કે, આ વર્ષે મેળામાં અનેક નવોદિત કલાકારોને તેમની કલા પ્રસ્તુત કરવાની અમૂલ્ય તક આપવામાં આવી હતી. દરરોજ બપોરે ૨.૩૦ થી રાત્રીનાં ૧૦.૩૦ દરમિયાન લોકમેળાના મંચ પર અમરદાન ગઢવી, મયુરીબા પારેડી, તુલસીબેન રાઠોડ સહિતના કલાકારો દ્વારા લોક સંગીત, લોક સાહિત્ય, સુગમ સંગીત, લોકનૃત્ય, રાસ, ગરબા સહિતની સાંસ્કૃતિક કૃતિઓ નિહાળીને ઉપસ્થિત શ્રોતાઓ ભાવ વિભોર થયા હતાં.

બાળ કલાકાર યુવાંશ બારોટે લોકપ્રિય લોકગીતો, દુહા છંદ અને સપાતરું રજૂ કરીને ઉપસ્થિત સૌની દાદ મેળવી હતી. જયારે અન્ય બાળ કલાકારો ઉર્વી મજીઠિયા, કુશ મારૂ, વંશ ચૌહાણ, રાજવીબા રાણા, શ્રેયા આશર, આયુષ રાધનપુરા સહિતના કલાકારોએ પણ પોતાની આગવી કલા રજૂ કરી દર્શકોના મન મોહી લીધા હતાં.

રાજકોટનાં ઉભરતા કલાકારોને રાજકોટની જનતા સુધી પહોંચાડવાના જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બહુમાળી ભવન આ પ્રયાસને રાજકોટની સંગીતપ્રેમી જનતાએ હર્ષભેર વધાવી લઈ અભિનંદન પાઠવ્યા હતાં. કાર્યક્રમોને સફળ બનાવવા રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેશભાઈ દિહોરા અને એમની સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.

# જ્યાં જરૂર, ત્યાં ૧૦૮ : જન્માષ્ટમી દરમિયાન રાજકોટ જિલ્લામાં ૧૮૦૦થી વધુ લોકોને મળી ઈમરજન્સી મદદ

## તહેવારોમાં પ્રસૂતિ સંબંધિત ૩૩૩ કેસ, હૃદય રોગના ૧૨૧ જ્યારે ૫૦૦થી વધુ ઈજાગ્રસ્ત લોકોની 'જીવન રક્ષક' બનતી ૧૦૮ સેવા



રાજકોટ:

જન્માષ્ટમીના પાવન પર્વની ઉજવણીમાં લોકો આનંદ અને ઉત્સાહમાં મશગુલ હતા, ત્યારે તેમની ખુશીઓ અને આરોગ્યની સુરક્ષા માટે ૧૦૮ ઈમરજન્સી સેવા-કર્મીઓ નિષ્ઠાપૂર્વક ફરજ પર તૈનાત હતા. ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા સંચાલિત ૧૦૮ની ટીમો તહેવારની ઉજવણી વચ્ચે પણ સતત એલર્ટ રહી, જરૂરિયાતમંદ સુધી સમયસર ઈમરજન્સી મદદ પહોંચાડવા માટે દિવસ-રાત ખડેપગે રહી હતી.

આ અંગે રાજકોટ જિલ્લા પ્રોગ્રામ મેનેજરશ્રી જયેશ કારેણાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં જન્માષ્ટમીના તહેવારોમાં તા. ૧ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન ૧,૮૫૨ જેટલા કેસમાં ૧૦૮ની મદદ લેવામાં આવી હતી. જેમાં રાંધણ છઠ્ઠ થી દશમ દરમિયાન રજા અને તહેવારોની ઉજવણી સંદર્ભે કેસમાં સતત વધારો થયેલો જોવા મળ્યો હતો.

૧૦૮ દ્વારા અપાયેલી વિગતો મુજબ તા. ૩ સપ્ટેમ્બરના રોજ ૩૧૪ કેસ, ૪ સપ્ટેમ્બરને જન્માષ્ટમીના રોજ ૩૩૧ કેસ, ૫ સપ્ટેમ્બરના દિવસે ૩૨૭ કેસ તેમજ ૬ સપ્ટેમ્બરના રોજ ૩૨૫ કેસમાં જરૂરિયાતમંદ લોકોને ઈમરજન્સી સારવાર પુરી પાડવામાં આવી હતી.

પ્રોગ્રામ મેનેજરશ્રીના જણાવ્યાં મુજબ ઈમરજન્સી મદદ માટે સૌથી વધુ અકસ્માતમાં ઈજાગ્રસ્ત કુલ ૫૬૮ કેસ, પ્રસૂતિ સંબંધિત ૩૩૩ કેસ, હૃદય રોગના ૧૨૧ કેસ, શ્વાસમાં તકલીફ થવાના ૧૧૪ કેસ, પેટમાં દુખાવાના ૧૬૯ કેસ, તાવ સંબંધિત ૮૯ કેસ, ફૂડ પોઈઝનિંગના ૪૭ કેસ સહિત સ્ટ્રોક અને અન્ય બીમારી સબબ ૧૦૮ ઈમરજન્સી સેવાનો લાભ લેવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૧૯ વર્ષથી સાતત્યપૂર્વક સેવારત ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ લોકોનો ભરોસો જીત્યો છે. રાજકોટ જિલ્લામાં હાલ કુલ ૬૬ એમ્બ્યુલન્સ કાર્યરત છે, જે સતત ગતિશીલ રહીને આજ સુધીમાં દસ લાખ જેટલા કોલ્સમાં લોકોને સહાયક બની છે.

# 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' થીમ સાથે ૯મા 'રાષ્ટ્રીય પોષણ માહ'નો પ્રારંભ

## પોષણ સૂચકાંકોમાં સુધારો કરવા માટે દેશભરમાં પોષણ-કેન્દ્રિત સંવેદનશીલતા વધારવા એક માસ ચાલશે જન આંદોલન



રાજકોટ: મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આવતીકાલ તા. ૯ સપ્ટેમ્બરથી તા. ૮ ઓક્ટોબર દરમ્યાન ૯મા 'રાષ્ટ્રીય પોષણ માહ'નો પ્રારંભ થશે. પોષણ સૂચકાંકોમાં સુધારો કરવા માટે દેશભરમાં પોષણ-કેન્દ્રિત સંવેદનશીલતા વધારવા 'આપણી આંગણવાડી આપણી જવાબદારી' થીમ સાથે એક માસ સુધી જન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

પોષણ માસ દરમિયાન આંગણવાડીમાં આહારની વિવિધતા અને પર્યાપ્ત પ્રોટીન, સામુદાયિક માલિકીપણું અને જવાબદારી, બાળપણના વિકાસ માટે પોષણ અને પ્રારંભિક ઉત્તેજન, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત માતાના સ્વાસ્થ્ય માટે રોકડ સહાય સહિતના કાર્યક્રમો હાથ ધરાશે.

વિશેષમાં સ્વાસ્થ્ય મેળા, સ્વસ્થ અને વૈવિધ્યસભર રેસિપીનું પ્રદર્શન, આંગણવાડી ખાતે સાપ્તાહિક મેનુ રોટેશન, ગરમ રાંધેલા ભોજનનું નિદર્શન, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત ૧૦૦ ટકા નોંધણી ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવશે.

આ જન અભિયાનમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, શિક્ષણ વિભાગ, રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ સહિતના વિભાગ પોષણક્ષમ સ્વાસ્થ્યપ્રદ આહાર અને જીવન શૈલી અંતર્ગત વિવિધ જનજાગૃતિનાં કાર્યક્રમો હાથ ધરશે.

# બાયો મેડિકલ વેસ્ટ ટીપરવાનમાં નાંખવા બદલ મંત્રમ હોસ્પિટલ પાસેથી રૂ.૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ



રાજકોટ:

વોર્ડ નં.૧૦, શાંતિનિકેતન સોસાયટી, કાલાવડ રોડ ખાતે આવેલ મંત્રમ હોસ્પિટલ દ્વારા ટીપરવાનમાં બાયો મેડિકલ વેસ્ટ નાખવા બદલ રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા હોસ્પિટલ પાસેથી રૂ.૧૦,૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ.

તા.૦૭-૦૯-૨૦૨૬ના રોજ મંત્રમ હોસ્પિટલ દ્વારા ઈન્જેકશન, સિરીંજ, નીડલ જેવો બાયો મેડીકલ વેસ્ટ ટીપરવાનમાં નાખવા બદલ રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા રૂ.૧૦,૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ.

ઉપરોક્ત કામગીરી રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના પર્યાવરણ ઈજનેર શ્રીની સુચના અને નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વોર્ડ નં. ૧૦ ના મદદનીશ પર્યાવરણ ઈજનેર શ્રી,સેનીટરી ઈન્સ્પેકટરશ્રી, સેનીટરી સબ ઈન્સ્પેકટરશ્રી દ્વારા કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આવેલ તમામ હોસ્પિટલ, દવાખાનાઓ તથા ક્લિનિક ચલાવતા ડોકટરોને જાણ કરવામાં આવે છે કે તેમનો બાયો મેડિકલ વેસ્ટ ટીપરવાનમાં કે કોઇ પણ અન્ય જગ્યાએ ન ફેકતા બાયોમેડિકલ વેસ્ટના નિકાલ માટે અધિકૃત કરેલ એજન્સી Distromed Bio-Clean Pvt. Ltd. મારફત નિકાલ કરવા અનુરોધ કરેલ છે.

# રાજકોટ શહેર-ગ્રામ્યના ત્રણ સહીત રાજ્યના ૧૩ પીએસઆઈની લાંબા સંઘર્ષ બાદ બઢતી સાથે બદલી



રાજકોટ:રાજકોટ શહેર અને ગ્રામ્યમાં ફરજ બજાવતા ત્રણ પીએસઆઈ સહીત રાજ્યના ૧૩ પીએસઆઈને લાંબા સંઘર્ષ બાદ પીઆઈ તરીકે બઢતી સાથે બદલી કરવામાં આવી છે. રાજકોટ ગ્રામ્યના ભાયાવદર પોલીસ મથકમાં ફરજ બજાવતા અરવિંદસિંહ જાડેજા અને રાજકોટ શહેરના મૂળુભા ધાંધલ, જનકસિંહ રાણા સહીતના અધિકારીઓના પ્રમોશન અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં ચુકાદાને આધિન રાજ્ય પોલીસ વડા દ્વારા બઢતી આપવામાં આવી છે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સુદ્રઢ બનાવવા તથા વહીવટી પ્રક્રિયાને વેગ આપવા માટે ગુજરાત રાજ્ય પોલીસ વિભાગમાં એક ફેરફાર કરવામાં આવ્યો છે. ડીજીપી જી.એસ. મલિક દ્વારા ૩ સપ્ટેમ્બરના રોજ સત્તાવાર હુકમ જારી કરીને ૧૩ બિન-હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર્સને પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપવામાં આવી છે.

બઢતી અને બદલીના આદેશની જો વિગતે ચર્ચા કરવામાં આવે તો રાજકોટ શહેર પોલીસની લાયસન્સ બ્રાન્ચમાં ફરજ બજાવતા પીએસઆઈ જનકસિંહ રાણાને ગાંધીધામ, મૂળુભા ધાંધલને સુરેન્દ્રનગર, ભાયાવદરના અરવિંદસિંહ જાડેજાને ભુજ, સુરતના પ્રવિણસિંહ પઢીયારને રાજકોટ, જામનગરના હનીફભાઈ ડી હિંગરોજાને જૂનાગઢ, છોટાઉદેપુરના સુરેશકુમાર એન બારીયાને અમદાવાદ, અમદાવાદના દિલાવરસિંહ પી સોલંકીને પંચમહાલ, અશોકભાઈ બી ગીડાને ઈન્ટેલીજન્સ, બનાસકાંઠાના મૂળરાજસિંહ એસ રાણાને વાવ-થરાદ, સ્ટેટ કંટ્રોલના રમેશભાઈ કે વાણીયાને એસ.સી.આર.બી., ખેડાના હિંમતકુમાર આજરાને અમદાવાદ શહેર, બોટાદના સુરેશભાઈ બી સોલંકીને દાહોદ, એસ.સી.આર.બી.ના સાગરદાન કે ગઢવીને વડોદરાને બઢતી આપી બદલીના આદેશ જાહેર કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, બઢતી પામનાર તમામ અધિકારીઓ દ્વારા લાંબી કાનૂની લડત આપવામાં આવી હતી. જે બાદ ૬ નવેમ્બર ૨૦૨૫ ના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા તમામ અધિકારીઓને બઢતી આપવા આદેશ અપાયો હતો. જે આદેશને અનુસરતા રાજ્ય પોલીએ વડા દ્વારા બઢતીના આદેશ આપવામાં આવ્યો છે. બઢતી પામેલા તમામ અધિકારીઓની સ્થાનિક સ્તરે સ્ટાર પીનિંગ સેરેમની યોજાઈ હતી.રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા ભાયાવદર પોલીસ મથકમાં ફરજ બજાવતા અરવિંદસિંહ જાડેજાના ખંભે સ્ટાર ચોંટાડી પીનિંગ સેરેમની યોજવામાં આવી હતી.

# તહેવારો રાજકોટ એસ.ટી.ને ખૂબ ફળ્યા:રૂા.૩.૯૭ કરોડની જંગી આવક

## ૯૫૩૭ ટ્રીપોનું સંચાલન થયું : ૫ લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી



રાજકોટ:જન્માષ્ટમીનાં તહેવારો રાજકોટ એસટી વિભાગને ખૂબ જ ફળ્યા છે અને જંગી તથા રેકોર્ડ બ્રેક આવક તા.૨ થી ૬ દરમિયાન થવા પામી હતી. આ અંગે રાજકોટ એસટીનાં ડીટીઓ હિરીબેન કટારાનાં જણાવ્યા મુજબ તા.૨ થી ૬ દરમિયાન રાજકોટ એસટી વિભાગને રૂા.૩.૯૭ કરોડથી વધુની આવક થવા પામી હતી.

આ પાંચ દિવસો દરમિયાન વિભાગમાં જુદા-જુદા ડેપો દ્વારા કુલ ૯૫૩૭ ટ્રીપોનું સંચાલન કરવામાં આવેલ હતું અને પાંચ લાખથી વધુ મુસાફરોએ મુસાફરીનો લાભ લીધો હતો અને પાંચ દિવસ દરમિયાન તંત્ર દ્વારા ૧૦,૯૫ લાખથી વધુ કીમીનું સંચાલન કરવામાં આવેલ હતું.આ પાંચ દિવસો દરમિયાન રાજકોટથી અમદાવાદ, સુરેન્દ્રનગર, જામનગર, વેરાવળ અને જૂનાગઢ રૂટ ઉપર સૌથી વધુ ટ્રાફિક રહેવા પામ્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ પાંચ દિવસ દરમિયાન સૌથી વધુ આવક રાજકોટની પ્રિમીયમ સર્વિસ થકી થઈ હતી. રાજકોટ વોલ્વો ડેપોને અમદાવાદ, વડોદરા, ભુજ, નાથદ્વારાનાં સંચાલન થકી પાંચ દિવસ દરમ્યાન સૌથી વધુ રૂા.૬૬,૩૮ લાખથી વધુની આવક થવા પામી હતી.આ ઉપરાંત રાજકોટ-૫ ડેપોને પાંચ દિવસ દરમિયાન રૂા.૪૯,૪૧ લાખથી વધુની આવક થવા પામી હતી. જ્યારે સુરેન્દ્રનગર ડેપોને પાંચ દિવસમાં રૂા.૩૯,૪૩ લાખ અને જસદણ ડેપોને રૂા.૩૭ લાખથી વધુની આવક પાંચ દિવસમાં થવા પામી હતી.

# તા.૧૯ના લેન્ડગ્રેબીંગ કમિટીની બેઠક: ૫૦ જેટલા કેસોની થશે સુનાવણી

રાજકોટ:રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આગામી તા.૧૯ને શનિવારે સાંજના ૫-૩૦ કલાકે લેન્ડગ્રેબીંગ કમીટીની બેઠક જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને આયોજિત કરવામાં આવેલ છે.જેમાં ૫૦ જેટલા કેસો સુનાવણી માટે મુકવામાં આવનાર છે જે પૈકીના ૧૨ જેટલા અરજદારોની રૂબરૂ સુનાવણી માટે બોલાવવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. આ બેઠકમાં સરકારી જમીન પર પેશકદમી અને પારકી મિલ્કત હડપ કરનારા સામે કાયદાનો શિકંજો કસાશે. આ બેઠકમાં અધિક કલેક્ટર ડે.કલેક્ટરો-પ્રાંત અધિકારીઓ, જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.અહી એ ઉલ્લેખનીય છે કે લેન્ડગ્રેબીગની બેઠકમાં માત્ર જૂજ કેસોમાં જ પોલીસ ફરિયાદનો નિર્ણય લેવામાં આવી રહ્યો છે. અમુક કેસોમાં બારોબાર સમાધાન જાય છે. જ્યારે અમુક કેસો પુરતા પુરાવાના અભાવે ડ્રોપ કરવામાં આવે છે.અરજદારોને યોગ્ય ન્યાય મળે તે માટે અરજદારોની લેન્ડગ્રેબીગની અરજીઓ કલેક્ટર કચેરી ખાતે રૂબરૂ અને ઓનલાઈન સ્વીકારવામાં આવી રહી છે. જેમાં આગામી તા.૧૯ના રોજ આયોજિત કરાયેલ આ બેઠકમાં અંદાજે ૫૦ જેટલા કેસોની સુનાવણી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

# ઓવરલોડનાં ૧૯૩-કેસોમાં રૂા.૨૪ લાખથી વધુનો દંડ ફટકારતું રાજકોટ આરટીઓ તંત્ર

## જુદા-જુદા નિયમોના ભંગ સબબ ૨૦૧૭ કેસોમાં રૂા.૬૩.૩૪ લાખથી વધુની વસુલાત



રાજકોટ:

રાજકોટ જિલ્લા આરટીઓ તંત્રએ ગત ઓગસ્ટ માસ દરમિયાન હાઈવે પર હાથ ધરેલા ચેકીંગ દરમિયાન ટ્રાફિકનાં જુદા-જુદા નિયમોનાં ભંગ બદલ કુલ ૨૦૧૭ કેસોમાં રૂા.૬૩,૩૪ લાખથી વધુનાં દંડની વસુલાત કરી હતી. જ્યારે સૌથી વધુ ઓવરલોડનાં ૧૯૩ કેસોમાં તંત્રએ રૂા.૨૪ લાખથી વધુનાં દંડની વસુલાત કરી હતી.

ઉપરાંત બાકી ટેક્ષનાં ૧૭ કેસોમાં રૂા.૧,૯૧ લાખ, ઓવરડાયમેન્શનના ૧૨૩ કેસોમાં રૂા.૬,૮૯ લાખ, કલેન્ડેન સ્ટાઈન ઓપરેશનનાં ૪૨ કેસોમાં રૂા.૪૨ હજાર તથા વ્હાઈટ એલઈડી લાઈટનાં ૫૨૯ કેસોમાં રૂા.૫,૨૯ લાખ, રૂપડ-સુપડ ચેકીંગનાં ૬૧ કેસોમાં રુ.૬૧ હજારનાં દંડની વસુલાત જિલ્લા આરટીઓ તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, રોંગ સાઈડ ડ્રાઈવીગ, અન્ડએજ-ડ્રાઈવીગ તથા ઓવર સ્પિડ વાહનનાં એક પણ કેસો તંત્રનાં ચોપડે નોંધાયા ન હતા તથા રેડિયમ-રિફ્લેક્ટરના ૨૪૯ કેસોમાં રૂા.૨,૪૯ લાખ, થર્ડ પાર્ટી વિમા વગરનાં ૧૨૮ કેસોમાં રૂા.૨,૫૬ લાખનો દંડ આરટીઓ તંત્રએ વસુલ્યો હતો. ઉપરાંત ભયજનક રીતે વાહન ચલાવવાનાં ૩ કેસોમાં પણ રુા.૩ હજારનો દંડ કરાયો હતો.જ્યારે પીયુસીનાં ૨૩૭ કેસોમાં રૂા.૧,૧૮ લાખ, ફિટનેશ વિનાનાં ૧૬૧ કેસોમાં રૂા.૮,૦૫ લાખ તેમાં સિટ બેલ્ટનાં ૭ કેસોમાં રૂા.૩૫૦૦, ડ્રાઈવિંગ લાયસન્સ વિના વાહન ચલાવવાનાં ૧૮૫ કેસોમાં રૂા.૫,૫૫ લાખનો દંડ વસુલ કરાયો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY. THIS IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.
Initial Public Offer of equity shares on the main board of BSE Limited ("BSE") and National Stock Exchange of India Limited ("NSE", and together with BSE, the "Stock Exchanges") in compliance with Chapter II of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended ("SEBI ICDR Regulations").

Arcil
Premier ARC

*(Please scan this QR Code to view the Red Herring Prospectus and the Abridged Prospectus)*

# ASSET RECONSTRUCTION COMPANY (INDIA) LIMITED
# (TO BE LISTED ON THE MAIN BOARD OF BSE AND NSE)

Our Company was originally incorporated as "Asset Reconstruction Company (India) Limited " as a public limited company under the Companies Act, 1956 through certificate of incorporation dated February 11, 2002, issued by the Registrar of Companies, Maharashtra at Mumbai, received a certificate of commencement of business from the Registrar of Companies, Maharashtra at Mumbai, on May 7, 2003 and received the certificate of registration from the Reserve Bank of India to commence business on August 29, 2003. For details of the changes in registered office of our Company, see *"History and Certain Corporate Matters – Changes in registered office of our Company"* on page 210 of the red herring prospectus dated September 1, 2026 ("**RHP**" or "**Red Herring Prospectus**") filed with the Registrar of Companies, Mumbai - I at Mumbai **("RoC")** and read with Addendum to RHP dated September 7, 2026 **("Addendum").**

**Corporate Identity Number:** U65999MH2002PLC134884

**Registered and Corporate Office:** The Ruby, 10th Floor, 29 Senapati Bapat Marg, Dadar (West), Mumbai – 400 028, Maharashtra, India; **Tel:** +91 22-66581300; **Contact Person:** Ameet Ashok Kela, Company Secretary and Compliance Officer, Head CSR; **E-mail:** cs@arcil.co.in; **Website:** www.arcil.co.in

## OUR PROMOTERS: AVENUE INDIA RESURGENCE PTE. LTD. AND STATE BANK OF INDIA

**INITIAL PUBLIC OFFERING OF UP TO 52,731,946 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH ("EQUITY SHARES") OF ASSET RECONSTRUCTION COMPANY (INDIA) LIMITED ("COMPANY" OR THE "ISSUER") FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE) ("OFFER PRICE") AGGREGATING UP TO ₹ [●] MILLION (THE "OFFER"). THE OFFER COMPRISES OF AN OFFER FOR SALE OF UP TO 52,731,946 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH (THE "OFFERED SHARES") AGGREGATING UP TO ₹ [●] MILLION (THE "OFFER FOR SALE"), COMPRISING UP TO 24,823,910 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [●] MILLION BY AVENUE INDIA RESURGENCE PTE. LTD., UP TO 10,963,062 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [●] MILLION BY STATE BANK OF INDIA (TOGETHER REFERRED TO AS "PROMOTER SELLING SHAREHOLDERS"), UP TO 16,244,858 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [●] MILLION BY LATHE INVESTMENT PTE. LTD. ("INVESTOR SELLING SHAREHOLDER") AND UP TO 700,116 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [●] MILLION BY THE FEDERAL BANK LIMITED ("OTHER SELLING SHAREHOLDER", AND ALONG WITH THE PROMOTER SELLING SHAREHOLDERS AND INVESTOR SELLING SHAREHOLDER, THE "SELLING SHAREHOLDERS"). THE OFFER SHALL CONSTITUTE [●] % OF THE POST-OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

## DETAILS OF THE SELLING SHAREHOLDERS, OFFER FOR SALE AND THE WEIGHTED AVERAGE COST OF ACQUISITION

| Name of Selling Shareholder | Type of the Selling Shareholders | Number of Equity Shares of face value of ₹10 each being offered/ amount | Weighted Average Cost of Acquisition per Equity Share (in ₹)* |
|---|---|---|---|
| Avenue India Resurgence Pte. Ltd. | Promoter Selling Shareholder | Up to 24,823,910 Equity Shares of face value of ₹10 each aggregating up to ₹ [●] million | 55.62 |
| State Bank of India | Promoter Selling Shareholder | Up to 10,963,062 Equity Shares of face value of ₹10 each aggregating up to ₹ [●] million | 36.76 |
| Lathe Investment Pte. Ltd. | Investor Selling Shareholder | Up to 16,244,858 Equity Shares of face value of ₹10 each aggregating up to ₹ [●] million | 84.00 |
| The Federal Bank Limited | Other Selling Shareholder | Up to 700,116 Equity Shares of face value of ₹10 each aggregating up to ₹ [●] million | 35.43 |

**As certified by J. Kala & Associates, Chartered Accountants (FRN: 118769W) by way of their certificate dated September 7, 2026*

**PRICE BAND: ₹ 132 TO ₹ 139 PER EQUITY SHARE OF FACE VALUE OF ₹ 10 EACH.**

**THE FLOOR PRICE AND THE CAP PRICE ARE 13.20 TIMES AND 13.90 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES, RESPECTIVELY.**

**THE PRICE TO EARNINGS RATIO ("P/E") BASED ON BASIC AND DILUTED EPS FOR FISCAL 2026 ON CONSOLIDATED AND STANDALONE BASIS FOR OUR COMPANY AT THE LOWER END OF THE PRICE BAND (I.E. FLOOR PRICE) IS 12.20 TIMES AND 12.85 TIMES RESPECTIVELY AND AT THE UPPER END OF THE PRICE BAND (I.E. CAP PRICE) IS 10.52 TIMES AND 11.08 TIMES RESPECTIVELY**

**BIDS CAN BE MADE FOR A MINIMUM OF 107 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH AND IN MULTIPLES OF 107 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH THEREAFTER.**

**WEIGHTED AVERAGE RETURN ON NET WORTH FOR LAST THREE FISCAL YEARS ON CONSOLIDATED AND STANDALONE IS 12.94% AND 13.67%.**

**The details of the Offer for Sale and the post Offer market capitalization of the Company, each at the Floor Price and the Cap Price, are given below:**

| Particulars | At Floor Price of ₹132 | | At Cap Price of ₹139 | |
|---|---|---|---|---|
| | Up to No. of Equity Shares of face value of ₹ 10 each | Up to Amount (₹ in million) | Up to No. of Equity Shares of face value of ₹10 each | Up to Amount (₹ in million) |
**Contents of the Memorandum of Association of our Company as regards its objects:** For information on the main objects of our Company, please see the section ***"History and Certain Corporate Matters - Main Objects of our Company"*** on page 210 of the RHP. The Memorandum of Association of our Company is a material document for inspection in relation to the Offer. For further details, please see the section titled **"*Material Contracts and Documents for Inspection*"** on page 555 of the RHP.

**Liability of the members of our Company:** Limited by shares

**Amount of share capital of our Company and Capital structure:** As on the date of the RHP, the authorised share capital of the Company is ₹5,000,000,000 divided into 500,000,000 Equity Shares of face value of ₹10 each. The issued, subscribed and paid-up share capital of the Company is ₹3,248,971,400 divided into 324,897,140 Equity Shares of face value of ₹10 each. For details, please see the section titled ***"Capital Structure"*** beginning on page 87 of the RHP.

**Names of signatories to the Memorandum of Association of our Company and the number of Equity Shares subscribed by them:** The names of the initial signatories of the Memorandum of Association of our Company are: Jyotin Mehta, R. Vedasagar, Krishnan Ranganathan, Vijaya Rao, Nilesh Trivedi, Pramod Rao and Rajesh S. Chawathe. For details of the share capital history of our Company, please see the section titled ***"Capital Structure"*** beginning on page 87 of the RHP.

**Listing:** The Equity Shares offered through the Red Herring Prospectus are proposed to be listed on the Stock Exchanges. Our Company has received in-principle approvals from BSE and NSE for listing of the Equity Shares pursuant to their letters each dated September 19, 2025. For the purposes of the Offer, NSE shall be the Designated Stock Exchange. A signed copy of the Red Herring Prospectus and the Prospectus shall be filed with the RoC in accordance with Section 26(4) and 32 of the Companies Act, 2013. For details of the material contracts and documents available for inspection from the date of the Red Herring Prospectus up to the Bid/Offer Closing Date, see ***"Material Contracts and Documents for Inspection"*** on page 555 of the RHP.

**Disclaimer Clause of the Securities and Exchange Board of India ("SEBI"):** SEBI only gives its observations on the Offer documents and this does not constitute approval of either the Offer or the specified securities stated in the Offer Documents. The investors are advised to refer to page 455 of the RHP for the full text of the disclaimer clause of SEBI.

**Disclaimer Clause of NSE (Designated Stock Exchange) :** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the RHP and read with Addendum. The investors are advised to refer to page 457 of the RHP for the full text of the disclaimer clause of NSE.

**Disclaimer Clause of BSE :** It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the RHP and read with Addendum has been cleared or approved by BSE nor does it certify the correctness or completeness of any of the contents of the RHP. The investors are advised to refer to page 457 of the RHP for the full text of the disclaimer clause of BSE.

**General Risk:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Offer unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in this Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares of face value of ₹10 each in the Offer have not been recommended or approved by the SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Red Herring Prospectus and read with Addendum. Specific attention of the investors is invited to ***"Risk Factors"*** on page 24 of the RHP.

| BOOK RUNNING LEAD MANAGERS | | | REGISTRAR TO THE OFFER | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER, HEAD CSR |
|---|---|---|---|---|
| IIFL CAPITAL | IDBI capital | JM Financial | MUFG MUFG Intime | Ameet Ashok Kela<br>The Ruby, 10th Floor, 29 Senapati Bapat Marg,<br>Dadar (West), Mumbai – 400 028<br>Maharashtra, India<br>**Tel:** +91 22-66581300<br>**E-mail:** cs@arcil.co.in |
| **IIFL Capital Services Limited**<br>*(formerly known as IIFL Securities Limited)*<br>24th Floor, One Lodha Place, Senapati Bapat Marg,<br>Lower Parel (West), Mumbai - 400 013, Maharashtra, India<br>**Tel:** +91 22 4646 4728<br>**E-mail:** arcil.ipo@iiflcap.com<br>**Website:** www.iiflcapital.com<br>**Investor Grievance E-mail:** ig.ib@iiflcap.com<br>**Contact Person:** Nishita Mody/ Pawan Kumar Jain<br>**SEBI Registration No.:** INM000010940 | **IDBI Capital Markets & Securities Limited**<br>6th Floor, IDBI Tower, WTC Complex, Cuffe Parade<br>Mumbai - 400 005, Maharashtra, India<br>**Tel:** +91 22 4069 1953<br>**E-mail:** arcil.ipo@idbicapital.com<br>**Website:** www.idbicapital.com<br>**Investor Grievance E-mail:** redressal@idbicapital.com<br>**Contact Person:** Indrajit Bhagat/ Sri Krishna Tapariya<br>**SEBI Registration No.:** INM000010866 | **JM Financial Limited**<br>7th Floor, Cnergy, Appasaheb Marathe Marg, Prabhadevi<br>Mumbai - 400 025, Maharashtra, India<br>**Tel:** +91 22 6630 3030<br>**E-mail:** arcil.ipo@jmfl.com<br>**Website:** www.jmfl.com<br>**Investor Grievance E-mail:** grievance.ibd@jmfl.com<br>**Contact Person:** Prachee Dhuri<br>**SEBI Registration No.:** INM000010361 | **MUFG Intime India Private Limited**<br>*(Formerly Link Intime India Private Limited)*<br>C-101, 1st Floor, 247 Park, Lal Bhadur Shastri Marg, Vikhroli (West)<br>Mumbai - 400 083, Maharashtra, India<br>**Tel:** +91 810 811 4949<br>**E-mail:** arcil@in.mpms.mufg.com<br>**Website:** www.in.mpms.mufg.com<br>**Investor grievance e-mail:** arcil@in.mpms.mufg.com<br>**Contact Person:** Shanti Gopalkrishnan<br>**SEBI Registration No.:** INR000004058 | Investors may contact the Company Secretary and Compliance Officer or the Registrar to the Offer in case of any pre-Offer or post-Offer related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Offer related queries and for redressal of complaints, Investors may also write to the BRLMs. |

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP, read with Addendum and the section titled ***"Risk Factors"*** on page 24 of the RHP, before applying in the Offer. A copy of the RHP is available on website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and on the website of the website of the Company at www.arcil.co.in; and on the websites of the BRLMs, i.e. IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)*, IDBI Capital Markets & Securities Limited and JM Financial Limited at www.iiflcapital.com, www.idbicapital.com and www.jmfl.com, respectively.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the abridged prospectus shall be available on the website of the Company, the BRLMs and the Registrar to the Offer at www.arcil.co.in, www.iiflcapital.com, www.idbicapital.com, www.jmfl.com and www.in.mpms.mufg.com, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:** Bid cum Application Forms can be obtained from the Registered and Corporate Office of **ASSET RECONSTRUCTION COMPANY (INDIA) LIMITED, Tel:** +91 22-66581300; **BRLMs : IIFL Capital Services Limited (*formerly known as IIFL Securities Limited*), Tel:** +91 22 4646 4728, **IDBI Capital Markets & Securities Limited, Tel:** +91 22 4069 1953 **and JM Financial Limited, Tel:** +91 22 6630 3030 at the select locations of the Sub-syndicate Members (as given below), SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of BSE and NSE and the Designated Branches of SCSBs, the list of which is available at websites of the Stock Exchanges and SEBI.

**Syndicate Members:** JM Financial Services Limited,

**Sub-Syndicate Members:** Almondz Global Securities Limited, Ambit Capital Limited, Anand Rathi Share & Stock Brokers Limited, Asit C Mehta Financial Services Limited, Axis Capital Limited, Bajaj Financial Securities Limited, Centrum Capital Advisors Limited, Centrum Finverse Ltd, Eurekha Stock & Share Broking Services Limited, Globe Capital Market Limited, HDFC Securities Limited, ICICI Securities Limited, Jobanputra Fiscal Services Pvt. Ltd., Keynote Capital Limited, KJMC Capital Market Services Limited, Kotak Securities Limited, LKP Securities Limited, Motilal Oswal Financial Services Limited, Nuvama Wealth and Investment Limited, Nuvama Wealth Management Limited, Pantomath Financial Services Limited, Prabhudas Lilladher Private Limited, Pravin Ratilal Share and Stock Brokers Limited, Religare Securities Limited, RR Equity Brokers Private Limited, SBICAP Securities Limited, Sharekhan Limited, SMC Global Securities Limited, Standard Chartered Securities, Tradebulls Securities Private Limited, Trust Securities Limited and YES Securities (India) Limited

• **Escrow Collection Bank** : HDFC Bank Limited • **Public Offer Account Bank and Refund Bank :** Kotak Mahindra Bank Limited • **Sponsor Banks :** HDFC Bank Limited and Kotak Mahindra Bank Limited

**UPI:** UPI Bidders can also bid through UPI mechanism

**All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP and read with Addendum.**

For **ASSET RECONSTRUCTION COMPANY (INDIA) LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Ameet Ashok Kela**
Company Secretary and Compliance Officer, Head CSR

Place: Mumbai
Date: September 8, 2026

**ASSET RECONSTRUCTION COMPANY (INDIA) LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and filed the RHP with RoC and the Stock Exchanges on September 1, 2026 and read with Addendum dated September 7, 2026. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of our Company at www.arcil.co.in; and on the websites of the BRLMs, i.e. IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)*, IDBI Capital Markets & Securities Limited and JM Financial Limited at www.iiflcapital.com, www.idbicapital.com and www.jmfl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *'Risk Factors'* beginning on page 24 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on the RHP, read with Addendum, for making any investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in 'offshore transactions' as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made.

# નયારા એનર્જી દ્વારા માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા પાથમેકર્સ પહેલનો પ્રારંભ

## જામનગર જિલ્લાની ઉચ્ચ માધ્યમિક શાળાઓના ૫૦૦ શિક્ષકો તાલીમમાં જોડાયા : પ્રશિક્ષિત શિક્ષકો વિધાર્થીઓને માર્ગ સલામતી અને જવાબદારી અંગેના પાઠ ભણાવશે





જામનગર,
આંતરરાષ્ટ્રીય સંકલિત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની, નયારા એનર્જીએ માર્ગ સલામતી જાગૃતિ અને જવાબદાર માર્ગ ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે "પાથ મેકર્સ" પહેલ શરૂ કરી છે.

આ કાર્યક્રમના ભાગ રૂપે, ઉચ્ચ માધ્યમિક શાળાના ૫૦૦ શિક્ષકોએ માર્ગ સલામતી પ્રથાઓ, ટ્રાફિક નિયમો અને સલામત માર્ગ વર્તન પર કેન્દ્રિત ચાર કલાકના વ્યાપક તાલીમ સત્રમાં ભાગ લીધો હતો. આ શિક્ષકો તેમની સંબંધિત શાળાઓમાં માર્ગ સલામતી રાજદૂત તરીકે સેવા આપશે, વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતીની સંસ્કૃતિ સ્થાપિત કરવામાં મદદ કરશે અને જવાબદાર પ્રથાઓને પ્રોત્સાહિત કરશે જે સુરક્ષિત સમુદાયોમાં ફાળો આપી શકે છે.જામનગર જિલ્લા કલેકટરશ્રી પી. બી. પંડયાએ આ શિક્ષક તાલીમ કાર્યક્રમની શરૂઆત રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ અને શિક્ષણ વિભાગના અધિકારીઓની હાજરીમાં કરાવી હતી. ટીઆરએએકસ સોસાયટીના સહયોગથી જામનગરની નવાનગર સરકારી હાઈસ્કૂલ, શ્રી દિગ્વિજયસિંહજી સરકારી હાઈસ્કૂલ, કાલાવડની મ્યુનિસિપલ હાઈસ્કૂલ, લાલપુરની વીર સાવરકર હાઈસ્કૂલ, ધ્રોલની હરધ્રોલ સરકારી હાઈસ્કૂલ અને જામજોધપુરની એસવીપી હાઈસ્કૂલમાં જિલ્લાના આશરે ૫૦૦થી વધુ શિક્ષકોને માર્ગ સલામતી અંગે ઊંડાણપૂર્વકની તાલીમ આપવામાં આવી હતી. નયારા એનર્જીની આ પહેલનો હેતુ શિક્ષકોની ક્ષમતા વધારીને શાળાઓમાં માર્ગ સલામતી જાગૃતિને મજબૂત કરવાનો છે, જે વિદ્યાર્થીઓ અને વ્યાપક સમુદાયમાં શિક્ષણનો વધુ પ્રસાર કરશે.

# શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત, પુષ્પવર્ષા સાથે કોમી એકતાનો પ્રેરણાદાયી સંદેશ







રાજકોટઃ
જન્માષ્ટમી ના પાવન પર્વ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શહેરના રાજમાર્ગો પર યોજાયેલી ભવ્ય શ્રીકૃષ્ણ જન્મોત્સવ શોભાયાત્રા નું સદર બજાર વિસ્તારમાં મુસ્લિમ સમાજ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઢોલ-નગારા ના તાલ સાથે શોભાયાત્રા પર પુષ્પવર્ષા કરી કોમી એકતા, ભાઈચારો અને સર્વધર્મ સમભાવનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.રાજકોટ સદર બજાર મા નીકળતી શ્રીકૃષ્ણ જન્મોત્સવ ભવ્ય શોભાયાત્રાનું સ્વાગત કરવાની પરંપરા સદર બજાર વિસ્તારના કોમી એકતાના હિમાયતી મરહુમ ગનીબાપુ કાળાભાઈ કટારિયા દ્વારા શરૂ કરવામાં આવી હતી. છેલ્લા અનેક વર્ષોથી આ પરંપરાને તેમના પરિવારજનો અને મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા સતત નિભાવવામાં આવી રહી છે,

જે શહેરમાં કોમી સૌહાર્દનું અનોખું ઉદાહરણ બની છે.આ પ્રસંગે રાજકોટ સદર તાજિયા કમિટીના પ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારિયાના માર્ગદર્શન હેઠળ નરેશભાઈ દેવીપૂજક, આસીફભાઈ ખોખર, સોયબભાઈ સોદાગર, હનીફભાઈ જુનાગઢી, આબિદભાઈ શેખ, હનીફભાઈ માંડરીયા, યુનુસ ભાઈ કટારિયા, યુસુફભાઈ ગનીબાપુ કટારિયા, હનીફભાઈ ગનીબાપુ કટારિયા, રફીકભાઈ ગનીબાપુ કટારિયા, શકીલભાઈ હબીબભાઈ કટારિયા તથા સુફીયાનભાઈ યુસુફભાઈ કટારિયા સહિતના આગેવાનોએ ઢોલ-નગારાના તાલ સાથે શોભાયાત્રાનું હાર્દિક સ્વાગત કરી પુષ્પવર્ષા કરી હતી. શોભાયાત્રામાં જોડાયેલા ભક્તોએ પણ મુસ્લિમ સમાજના આ સ્નેહભર્યા સ્વાગતને વધાવી લીધું હતું.આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય માન. શ્રી ગોવિંદભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ નાગદાનભાઈ ચાવડા, કારડિયા રજપૂત સમાજના અરુણ ભાઈ પરમાર જે દર વર્ષે હનુમાન જી બને છે , રાધેશ્યામ ગૌશાળાના રાધેશ્યામ બાપુ, જયંતિભાઈ તેરૈયા તેમજ સંત-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોને પુષ્પહાર પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા.

હબીબભાઈ ગનીબાપુ કટારિયા એ જણાવ્યું હતું કે ધાર્મિક તહેવારો સમાજને એકબીજા સાથે જોડવાનું કાર્ય કરે છે. રાજકોટની ગંગા-જમની તહેઝીબ, પરસ્પર પ્રેમ અને ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે આવા કાર્યક્રમો સમાજને નવી દિશા આપે છે. આવનારા સમયમાં પણ કોમી એકતા અને સામાજિક સૌહાર્દની આ સુંદર પરંપરા યથાવત્ રાખવામાં આવશે. હબીબભાઈ ગનીબાપુ કટારિયા,આસીફ ભાઈ ખોખર તથા સોયબભાઈ સોદાગર ઉપસ્થિત મહાનુભાવો તેમજ તમામ સમાજના આગેવાનો ની યાદિ માં જાણાવ્યું છે

# રાજકોટમાં સ્વયંભુ શ્રીરામનાથ મહાદેવની વાજતે ગાજતે વર્ણાંગી નીકળી



રાજકોટ,
રાજકોટ આજીનદી કાઠે બિરાજતા પ્રાચીન સ્વયંભુ શ્રીરામનાથ મહાદેવની ૧૦૩મી વર્ણાંગીનું વાજતે ગાજતે આયોજન થયુ હતુ. લોકોની સુખાકારી માટે જે તે સમયે પ્રજાવત્સલ રાજવી શ્રી લાખાજીરાજ બાપુએ સૌ પ્રથમ વર્ણાંગી આયોજીત આ પરંપરાની શરૂઆત કરાવી હતી. આ વર્ષે પણ ૧૦૩મી વર્ણાંગી યોજવામાં આવતા હરહર મહાદેવના નાદ સાથે રામનાથ મંદિરેથી પ્રારંભ કરાયો હતો. સુશોભિત પાલખીમાં દાદાને બિરાજમાન કરી શરૂ થયેલ આ પાલખીયાત્રાની જ રામનાથપરા મંદિરેથી પ્રારંભ થઈ કોઠારીયા નાકા, પેલેસરોડ, જયરાજ પ્લોટ, હાથીખાના થઈ રામનાથ મંદિરે પરત ફરી હતી. માર્ગો પર ઠેરઠેર ભકતો દ્વારા સ્વાગત કરાયુ હતુ. બહોળી સંખ્યામાં શિવ ભક્તો જોડાયા હતા હર હર મહાદેવના નાદથી વાતાવરણ ગુંજી ઊઠયું હતું

# રાજકોટ સરગમ ક્લબદ્વારા દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો






રાજકોટ,
રાજકોટ સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટ કેમ્પના રૂપમાં વધુ એક સેવા કેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને માતળશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉંના સયુંકત ઉપક્રમે ત્રિદિવસીય જયપુર જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૫૬ દર્દીઓ એ લાભ લીધો હતો. જેમાં કેલીપર્સ નાં દર્દી ૨૧-(લેગ) પગ નાં દદી ૧૯ અને રીપેરીંગ ૧૬ દર્દીએ વિનામૂલ્યે લાભ લીધો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને માતૃશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉં જણાવ્યા અનુસાર આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પની સફળતા માટે સરગમ કલાબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ માતૃશ્રી કલાવંતીબેન ભૂપતલાલ માઉંના અને કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કેમ્પને સફળ બનાવવા દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે. કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા તેમજ કૈલાશબા વાળા, અલ્કાબેન કામદાર, ભાવનાબેન મહેતા, જયશ્રીબેન વ્યાસ, દિવ્યબેન ઉમરાણીયા, મિતલબેન ચગ, મધુરીકાબેન જાડેજા, સુધાબેન દોશી, હર્ષાબેન કથ્રેચા, નિશાબેન વડગામા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

આ કેમ્પમાં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચૌધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરેએ સેવા આપેલે આવનારા તમામ દર્દીઓને વિના મુલ્યેન ચા પાણી આપવામાં આવેલ. આગામી કેમ્પ તા.૧/૧૦/૨૦૨૬ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

# રાજકોટ સરકારી ઈજનેરી કોલેજ અધ્યાયપક મંડળે દિવંગતના પરિવારને સહાય આપી



રાજકોટ,
૫ સપ્ટેમ્બર શિક્ષક દિર્ન નિમિત્તે શિક્ષક અને અધ્યાપક સમુદાયની એકતા, સંવેદના અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂપાડતી ઘટના સામે આવી છે.

સરકારી ઈજનેરી કોલેજ, પાલનપુર ખાતે ફરજ બજાવતા સ્વ. અલ્પેશકુમાર બાબુભાઈ પટેલ, સહાયક પ્રાધ્યાપક (મિકેનિકલ વિભાગ),નું તા. ૧૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ અકાળે અવસાન થયું હતું. તેઓ તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૩થી સરકારી ઈજનેરી કોલેજ, પાલનપુર ખાતે તથા એપ્રિલ ૨૦૧૦થી ડિસેમ્બર ૨૦૧૩ દરમિયાન એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ, અમદાવાદ ખાતે સેવા આપી ચૂકયા હતા. સ્વ.અલ્પેશકુમાર પટેલના અકાળે અવસાનથી તેમના પરિવાર પર આવેલી મુશ્કેલ પરિસ્થિતિમાં સહકાર આપવા માટે ‘ગુજરાત રાજ્ય સરકારી ઈજનેરી કોલેજ શૈક્ષણિક રાજ્યપત્રિત અધિકારી મંડર્ળ હેઠળ ગુજરાત રાજ્યની વિવિધ ‘૧૬ સરકારી ઈજનેરી કોલેજોના અધ્યાપક સભ્ર્યો દ્વારા યથાશક્તિ આર્થિક સહાય કરવામાં આવી હતી. અધ્યાપક સભ્યો દ્વારા સ્વ. પ્રાધ્યાપકના પરિવારને કુલ ‘રૂ. ૫,૮૬,૦૪૨/રૂ- જેટલી આર્થિક સહાય અર્પણ કરવામાં આવી હતી. સરકારી ઈજનેરી કોલેજ, પાલનપુર તથા લોકલ યુનિટ દ્વારા ગુજરાત રાજ્યના મંડળના તમામ સભ્યો તેમજ આર્થિક સહાય કરનાર તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે અધ્યાપક સમુદાયનો સંદેશ સ્પષ્ટ છે પ્રશિક્ષક દિનની સાચી ઉજવણી માત્ર શિક્ષણ અને સન્માનમાં નહીં, પરંતુ જરૂરિયાતના સમયે એકબીજાની પડખે ઊભા રહેવામાં છે. આવી માનવતાપૂર્ણ સહયોગની પરંપરા અધ્યાપક સમુદાયની એકતા અને પરસ્પર જવાબદારીને વધુ મજબૂત બનાવે છે.

# રાજકોટના રણછોડદાસજી બાપુ આશ્રમમાં શ્રાવણ માસની અમાસના દિને હોમાત્મક યજ્ઞ સાથે પૂર્ણાહુતિ



રાજકોટ,
રાજકોટના પ.પૂ. શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ (શ્રી સદગુરુ સદન ટ્રસ્ટ)ના પ્રાંગણમાં ભારત દેશના ઉત્થાન તથા સર્વ લોકોની સુખાકારી માટે તથા સમગ્ર ધર્મપ્રેમી ભાઇ-બહેનોને બાર જયોર્તિલીંગ તથા ત્રંબકેશ્વર મહાદેવ ૧૧,૨૫,૦૦૦ બીલીપત્ર અનુષ્ઠાન તથા પવિત્ર શ્રાવણ માસમાં લોકોની આધિ, વ્યાધિ, ઉપાધિમાં મુકત થાય અને જીવનમાં શાંતિ અને સુખાકારી વધે એ માટે આખો સુંદરકાંડનું સંગીતમૈયી આયોજન કરવામાં આવેલ હતું.આ ધાર્મિક ત્રંબકેશ્વર મહાદેવ ૧૧,૨૫,૦૦૦ બીલીપત્ર અનુષ્ઠાન, દ્વાદશ જયોર્તિલીંગ દર્શન, ગંગામૈયા દર્શન તથા સુંદરકાંડ પાઠનું શ્રાવણ વદ-૩૦ (અમાસ), તા. ૧૧ શુક્રવારે સવારે ૯ વાગ્યે હોમાત્મક યજ્ઞ કરવામાં આવશે અને આ હોમાત્મક યજ્ઞ દ્વારા પૂર્ણાહુતિ કરવામાં આવશે. જે ગુરૂદેવ ભગવાનને અર્પણ કરવામાં આવશે.

પવિત્ર શ્રાવણ માસમાં પુર્ણ થવાનો હોય અને આશ્રમમાં આ ત્રિવેણી સંગમ સમા ધાર્મિક અનુષ્ઠાન, જયોર્તિલીંગ દર્શન અને સુંદરકાંડનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

# રાજકોટમાં દુરબીન વડે જટિલ સર્જરી

## વૃદ્ધાની અન્નનળીમાંથી ૧.૫ સેમીની ગોળી તોડ્યા વિના એક જ ટુકડામાં બહાર કાઢી નવજીવન આપ્યું

રાજકોટ
રાજકોટમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે જેમાં ૭૦ વર્ષીય વૃદ્ધા સાંધાના દુખાવાની ૧.૫ સેમીની આયુર્વેદિક ગોળી ગળવા જતાં તે અન્નનળીના ઉપરના ભાગમાં સાંકડાપણા (સ્ટ્રિક્ચર)ના કારણે ફસાઈ ગઈ હતી. દર્દી આખો દિવસ પાણી પણ ગળી શકતા નહોતા અને અસહ્ય દુખાવાથી પીડાતા હતા. ENT નિષ્ણાતે જનરલ એનેસ્થેશિયા હેઠળ વિશેષ એન્ડોસ્કોપિક ટેકનિકથી આ અત્યંત કઠણ ગોળીને તોડ્યા વગર એક ટુકડામાં સફળતાપૂર્વક બહાર કાઢી હતી. અન્નનળીમાંથી ગોળી બહાર કાઢતાં જ દર્દીને તાત્કાલિક રાહત મળી હતી અને ૨ કલાકના ઓબ્ઝર્વેશન બાદ રજા આપવામાં આવી હતી. આ ઓપરેશનનો લાઈવ વિડીયો પણ સામે આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના જાણીતા ENT સર્જન ડો. હિમાંશુ ઠક્કરે રાજકોટના ૭૦ વર્ષીય દેવિકાબેન વ્યાસની અન્નનળીમાં ફસાયેલી આશરે ૧.૫ સેમીની અત્યંત કઠણ આયુર્વેદિક ગોળી સફળતાપૂર્વક દૂર કરી દર્દીને યાતના મુક્ત કર્યા છે. દર્દી ઘૂંટણ અને સાંધાના દુખાવા માટે આયુર્વેદિક ગોળી લેતા હતા. ગોળી ગળતી વખતે તે અચાનક અન્નનળીના ઉપરના ભાગમાં ફસાઈ ગઈ હતી. ગોળી ફસાઈ જવાના કારણે દર્દી આખો દિવસ પાણી પણ ગળી શક્યા નહોતા અને ગળામાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. ત્યારબાદ તેમને સારવાર અર્થે ઠક્કર્સ ઈદ્ગ એન્ડ ડેન્ટલ સર્જિકલ હોસ્પિટલ, રાજકોટ ખાતે લાવવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન અન્નનળીના ઉપરના ભાગમાં અવરોધ હોવાનું માલૂમ પડતા દર્દીની તાત્કાલિક જનરલ એનેસ્થેશિયા હેઠળ એન્ડોસ્કોપિક પ્રક્રિયા કરવામાં આવી હતી. ઈસોફેગોસ્કોપ અને વિશેષ ફોર્સેપ્સની મદદથી આ અત્યંત કઠણ ગોળીને તોડ્યા વગર, એક જ ટુકડામાં કાળજીપૂર્વક બહાર કાઢવામાં આવી હતી. ગોળી બહાર નીકળતા જ દર્દીને તાત્કાલિક રાહત મળી હતી અને પાણી



તથા ખોરાક ગળવામાં થતી તકલીફ દૂર થઈ ગઈ હતી. દર્દીને આશરે ૨ કલાક ઓબ્ઝર્વેશનમાં રાખ્યા બાદ રજા આપવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું કે દર્દીની અન્નનળીના ઉપરના ભાગમાં સાંકડાપણું (સ્ટ્રિક્ચર) હતું.

ડો. હિમાંશુ ઠક્કરે જણાવ્યું કે, આવા સાંકડાપણાને કારણે સામાન્ય કદની ગોળી, વટાણા જેવી વસ્તુ કે ખોરાકનો મોટો ટુકડો પણ અન્નનળીમાં ફસાઈ શકે છે. વૃદ્ધોમાં દાંત ઓછા હોવા કે ચાવવામાં તકલીફના કારણે આવી ઘટનાઓનું જોખમ રહે છે. ક્યારેક અન્નનળીના સાંકડાપણા પાછળ Plummer-Vinson syndrome પણ જવાબદાર હોઈ શકે છે, જે આયર્નની ઉણપથી થતા એનિમિયા સાથે સંકળાયેલ છે. તેથી આવા કિસ્સામાં યોગ્ય રક્ત તપાસ અને ગળાની તપાસ કરાવવી જરૂરી છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે ગળેલી વસ્તુ અન્નનળીના બદલે શ્વાસનળીમાં જાય તો તે જીવલેણ સાબિત થઈ શકે છે. તેથી વૃદ્ધોએ કઠણ ગોળી કે ખોરાક ગળતી વખતે વિશેષ સાવચેતી રાખવી અને વારંવાર ગળવામાં તકલીફ થાય તો તાત્કાલિક ઈદ્ગ નિષ્ણાતની સલાહ લેવી. જો ખોરાક કે ગોળી ગળામાં ફસાય તો ઘરગથ્થુ ઉપચારમાં સમય બગાડ્યા વગર તબીબી સારવાર લેવી હિતાવહ છે. આ પ્રકારની કોઈપણ તકલીફ થાય તો તાત્કાલિક નજીકના ડોક્ટરનો સંપર્ક કરવા તેમણે જણાવ્યું હતું.

# જીપીએસસી દ્વારા લેવાતી પરીક્ષામાં પારદર્શિતાના લાવવા સામાજિક ક્રાંતિ અભિયાનના હોદેદારોનું આવેદનપત્ર



રાજકોટ, ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં લેખિત અને મૌખિક પરીક્ષાના ગુણાંકનમાં અસમાનતા અને પારદર્શિતાના અભાવની ફરિયાદ ઉઠાવી આ બાબતે પગલા લેવાની માંગણી સાથે સામાજીક ક્રાંતિ અભિયાન સંસ્થાના હોદેદારો દ્વારા જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે સામાજીક ક્રાંતિ અભિયાન સંસ્થાના સુરેશભાઈ બથવારે જણાવ્યું હતું કે ગુજરાત જાહેર સેવા આયોગની વિવિધ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં સારા ગુણ પ્રાપ્ત કરનારા કેટલાક ઉમેદવારોને મૌખિક કસોટીમાં ખુબ ઓછા ગુણ મળતા હોવાની ફરીયાદો સતત ઉઠી રહી છે.

રોસ્ટરમાં પણ આ અંગે ગંભીર ચિંતા વ્યકત કરવામાં આવી છે કે ઓબીસી એસસી, એસટી લઘુમતી સમાજના કેટલાક ઉમેદવારોએ લેખિત પરીક્ષામાં સારો દેખાવ કર્યા પછી મૌખિક પરીક્ષાના તબકકે પસંદગીથી વંચીત રહેતા હોવાની ફરીયાદ છે. ત્યારે આ બાબતે તપાસ કરી જીપીએસસીની મૌખિક પરીક્ષાની સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ર્ચિત કરવા અને દેખરેખ માટે સમીતીની રચના કરવા માંગણી ઉઠાવવામાં આવી છે.

# કોલસાના વેપારમાં ઊંચા વળતરની લાલચ આપી ૧૪૪ કરોડની રાજકોટના ઈતિહાસની સૌથી મોટી છેતરપિંડી

## ટર્નરેસ્ટ રિસોર્સિસ પ્રા. લિ. કંપનીના ડાયરેક્ટર જય ચોટલીયા, મિતેશ સંઘવી અને મનિષ ડાંગીએ રાજકોટના અનેક લોકોને નિશાન બનાવ્યા



રાજકોટ : ઈન્ડોનેશિયન કોલસાના વેપારમાં ઊંચા નફાની લાલચ આપી ટર્નરેસ્ટ રિસોર્સિસ પ્રા.લિ. કંપનીના ડાયરેક્ટર કમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જય હર્ષદભાઈ ચોટલીયા (રહે. ૧૦૦૧ સ્વાતિ કિમશન એન્ડ ફ્લોવર, શિલજ સર્કલ, થલતેજ, અમદાવાદ) અને તેના બે ભાગીદારો મિતેશ કિરીટભાઈ સંઘવી (રહે. જનતા સોસાયટી-૩, મહિલા કોલેજ અંડરબ્રિજ પાસે, રાજકોટ) અને મનિષ ગોવિંદભાઈ ડાંગી (રહે. ૪૧ અમરનાથ વિલાસ, સાયન્સ સિટી સર્કલ, પ્રાઈડ આઈકોન પાસે, સોલા-ભાડજ ક્રોસ રોડ, અમદાવાદ)એ રાજકોટના રોકાણકારો સાથે ૧૪૪ કરોડની છેતરપિંડી કર્યાની ઈઓડબલ્યુમાં ફરિયાદ નોંધાઈ છે. રાજકોટના ઈતિહાસની આ સૌથી મોટી છેતરપિંડી હોવાનું મનાય છે.

બિગ બજાર પાછળ સાંઈનગરમાં રહેતા અને નિવૃત જીવન વ્યતિત કરતા જયેન્દ્રભાઈ મૂળજીભાઈ અકબરી (ઉ.વ.૫૬)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, અગાઉ મિત્ર અરવિંદભાઈ જસમતભાઈ રામાણી સાથે વેપાર કરતા હતા. અરવિંદભાઈ અવધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. નામની પેઢી ધરાવે છે. તેના સીએ અને આર્થિક સલાહકાર તરીકે જય ચોટલીયા કામકાજ કરતા હતા.

૨૦૨૧માં અરવિંદભાઈએ તેને કહ્યું કે, જય અને તેના બે મિત્રો ટર્નરેસ્ટ નામની કંપની ચલાવે છે. આ કંપની ઈન્ડોનેશિયન કોલસો ઈમ્પોર્ટ કરી ભારતમાં વેંચે છે. તેણે અને તેના પરિવારે કંપનીમાં રોકાણ કર્યુ છે. કંપની દ્વારા પાંચ વર્ષ બાદ ઊંચુ વળતર આપવામાં આવશે. આખરે તેણે પણ રોકાણ કરવાનું નક્કી કરી અરવિંદભાઈ સાથે ૨૦૨૧માં જયની વિદ્યાકુંજ મેઈન રોડ પર સનશાઈન આર્કેડમાં આવેલી ઓફિસે મુલાકાત લીધી હતી. તે વખતે જય સાથે મિતેશ અને મનિષ પણ હાજર હતા.

ત્રણેય આરોપીઓએ રોકાણ અંગેની સ્કીમો સમજાવી હતી. જે સ્કીમો ત્રણ પ્રકારની હતી. પહેલી સ્કીમમાં ડીપોઝીટ સ્વરૂપે બેંક મારફતે રોકાણ, બીજી સ્કીમમાં કંપનીના શેર ખરીદવા, ત્રીજી સ્કીમમાં બેંકની સીસી-લોનમાં મિલ્કત જામીનગીરી તરીકે મોર્ગેજ કરીને કંપનીમાં રોકાણનો સમાવેશ થાય છે. સાથોસાથ એમ પણ કહ્યું કે, જે મિલ્કતો જામીનગીરી તરીકે બેંકમાં મોર્ગેજ તરીકે લખી આપવાની છે તેની અવેજમાં બેંક પાસેથી તેમની કંપની લોન-સીસી લેશે.

લોનની રકમ પાંચ વર્ષ સુધી કોલસાના ધંધામાં ઉપયોગમાં લેશે. રોકાણ કરેલી રકમથી તેમની કંપનીનું ટર્નઓવર આવતા પાંચ વર્ષમાં આશરે ૧૫૦૦થી ૨૦૦૦ કરોડ થઈ જશે. તેમાંથી જે નફો થશે તેમાંથી રોકાણકારોને પાંચ વર્ષ બાદ ઊંચુ વળતર અને ડીપોઝીટ તરીકે રાખેલી રકમ પરત ચુકવવામાં આવશે. સાથોસાથ મોર્ગેજ કરેલી મિલ્કત બેંકમાંથી છોડાવી આપવામાં આવશે.

એટલું જ નહીં, જયે વધુમાં કહ્યું કે, ડીપોઝીટરોએ પાંચ વર્ષ સુધી પોતાનો નફો કે ડીપોઝીટની રકમ ઉપાડવાની રહેશે નહી. બેંકમાં મોર્ગેજ કરેલ મિલ્કતો છોડાવવાની રહેશે નહી અને કંપનીમાં જમા રાખવાની રહેશે. આ તમામ વાતચીત બાદ વિશ્વાસમાં આવી તેણે લોધિકાના વડવાજળી ગામે આવેલી બિન ખેતી જમીન (મિલ્કત) મોર્ગેજ કરી હતી. ઉપરાંત અન્ય રોકાણકારોએ પણ પોતાની મિલ્કતો પણ જામીનગીરીમાં આપી દેતા કંપની દ્વારા રૂા.૨૦ કરોડની લોન-સીસી મેળવવામાં આવી હતી.

આ જ રીતે તેના નામની મિલ્કતો ઉપરાંત અન્ય રોકાણકાર કેશુભાઈ બોદરના નામે આવેલી મિલ્કતો ૨૦૨૩માં જામીનગીરીમાં લઈ જયે ધી-કોઓપરેટીવ બેંક ઓફ રાજકોટમાંથી કુલ રૂા.૪૦ કરોડની લોન-સીસી મેળવી હતી. તેના સિવાય અન્ય રોકાણકારોએ પણ આરોપીઓની ટર્નરેસ્ટ કંપની ઉપરાંત અન્ય ભાગીદારી કંપની મિરેકલ એન્ટરપ્રાઈઝમાં રોકાણ કર્યું હતું. જેમને પણ આજ સુધી વળતર ચુકવ્યું નથી.આ રીતે ત્રણેય આરોપીઓએ તેના ઉપરાંત અન્ય રોકાણકારો સાથે ૧૪૪ કરોડ ૧૯ લાખની છેતરપિંડી કરતા આખરે ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ ઈઓડબલ્યુને સોંપવામાં આવી છે.

# ફોરેક્સ ટ્રેડિંગમાં ઊંચા નફાની લાલચમાં વૃદ્ધે ૧૨ લાખ ગુમાવ્યા




રાજકોટ :

ફોરેક્સ ટ્રેડિંગમાં ઊંચા નફાની લાલચ આપી નવિનચંદ્ર ચાવડા (ઉ.વ.૬૩) સાથે ઓનલાઈન રૂા.૧૨ લાખનું ફ્રોડ થયાની સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. આ રીતે શેર-બજારમાં અને ફોરેક્સમાં ઊંચા વળતરની લાલચ આપી અત્યાર સુધી સેંકડો લોકો સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ ચુકી છે. આમ છતાં ભોગ બનનારા તેમાંથી કોઈ સબક લેતા નથી.

રૈયા રોડ પરના તિરૂપતિનગર શેરી નં.૧માં રહેતા નવિનચંદ્ર સોફ્ટવેર ડેવલપમેન્ટનું કામ કરે છે. રેસકોર્સ રીંગ રોડ પાસે આવેલ જીટી શેઠ હોસ્પિટલમાં ઓર્થોપેડિક સાધનોનો વિભાગ પણ સંભાળે છે. તેણે પોલીસને જણાવ્યું કે, ગઈ તા.૩ના રોજ ઈન્સ્ટાગ્રામ જોતા હતા ત્યારે એક પેજ ખોલ્યું હતું. બીજા દિવસે શિવમ નામના શખ્સે કોલ કરી એક એપ ડાઉનલોડ કરાવી હતી. ત્યારબાદ તેની પાસેથી ઈમેઈલ આઈડી, કોન્ટેક્ટ નંબર, બેંક ખાતા સહિતની વિગતો માંગી હતી.

આ પછી તેની વિગતો સબમીટ થઈ ગયાનું જણાવી રૂા.૧ હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ વધુ રૂા.૪૯ હજાર ટ્રાન્સફર કરતા એપમાં તેને બેલેન્સ જોવા મળ્યું હતું. તે સાથે જ હવે તમારું ટ્રેડ ચાલું થઈ ગયું છે તેમ જણાવાયું હતું. પંદરેક દિવસ બાદ વધુ પૈસા રોકી વધુ કમાણીની લાલચ આપી હતી. જે લાલચમાંને લાલચમાં રૂપિયા આપતા ગયા હતા.

તેની એપ ઉપર નફો પણ ખૂબ સારો દેખાતો હતો. આખરે ગઈ તા.૨૭મીએ તેને રૂા.૬ લાખ રોકી બદલામાં ૨૫ હજાર ડોલરના બોનસની લાલચ આપવામાં આવી હતી. તેણે આવડી મોટી રકમ નહીં હોવાનું કહેતા રૂા.૧.૫૦ લાખ ઉપર ૨૫૦૦ ડોલરના બોનસની લાલચ અપાતા તેમ કર્યુ હતું. આખરે તેણે ૩૫ હજાર ડોલર ઉપાડવાનું નક્કી કરી પ્રોસીઝર કરતા થઈ ન હતી. જેને કારણે શિવમને કોલ કરતા તેના સાગરીત પ્રતિકે રૂા.૩.૫૦ લાખ જમા કરાવ્યા પછી જ પેમેન્ટ વિથડ્રો થશે તેમ કર્યું હતું.

જેની સામે તેણે વધુ પૈસા નથી તેમ કહેતા તેની પાસેથી રૂા.૨ લાખ માગ્યા હતા. આખરે તેણે તે રકમ કાપી પોતાની રકમ પરત આપી દેવાનું કહ્યું હતું. જોકે તેમ નહી થતાં છેતરાઈ ગયાનો અહેસાસ થયો હતો. ત્યાં સુધીમાં રૂા.૧૨ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. સાયબર ક્રાઈમ પોલીસે શિવમ, પ્રતિક નામના શખ્સો ઉપરાંત મુંબઈની જે ત્રણ બેંકમાં ફ્રોડની રકમ જમા થઈ હતી તેના ખાતાધારકોને આરોપી બનાવી તપાસ શરૂ કરી છે.

# જેતપુરના ધોરણ ૮ના વિદ્યાર્થીનો બોરસદની હોસ્ટેલમાં ગળાફાંસો ખાઈ આપઘાત

## વાત્સલ્ય સ્કૂલની હોસ્ટેલમાં મૂક્યાની ગણતરીની કલાકોમાં જ લાડકવાયાએ જીવન ટૂંકાવ્યું :બાળકોને ભણવા માટે દૂર હોસ્ટેલમાં મોકલતા વાલીઓ માટે આંખ ઉઘાડનારો અને લાલબત્તી સમાન કિસ્સો



જેતપુરઃમા-બાપ પોતાના સંતાનના ઉજ્જવળ ભવિષ્ય માટે કાળી મજૂરી કરીને પણ તેને સારું શિક્ષણ આપવા માંગતા હોય છે. પરંતુ રાજકોટના જેતપુરના એક પરિવાર માટે આ સપનાઓ આંસુઓમાં ગરકાવ થઈ ગયા છે. જેતપુરના માથુકિયા પરિવારના ધોરણ ૮ માં અભ્યાસ કરતા લાડકવાયા પુત્રએ બોરસદની હોસ્ટેલમાં ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. હોસ્ટેલમાં મૂક્યાની ગણતરીની કલાકોમાં જ આશાસ્પદ વિદ્યાર્થીએ આવું આત્યંતિક પગલું ભરી લેતા પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, જેતપુરમાં રહેતા માથુકિયા પરિવારનો એકના એક પુત્ર કુંજ ભાવેશભાઈ માથુકિયા ધોરણ ૮ માં અભ્યાસ કરતો હતો. તેના ઉજ્જવળ ભવિષ્ય અને વધુ સારા અભ્યાસ માટે પરિવારજનોએ તેને બોરસદની વાત્સલ્ય સ્કૂલની હોસ્ટેલમાં મૂકવાનો નિર્ણય લીધો હતો. આ માટે કુંજના કાકા ખુદ તેને લઈને બોરસદ ગયા હતા. હોસ્ટેલના રૂમમાં કુંજને સારી રીતે ગોઠવી, સામાન વ્યવસ્થિત મુકાવી અને વહાલથી શિખામણ આપીને કાકા પરત જેતપુર આવવા રવાના થયા હતા.

પરંતુ, ભાગ્યમાં કંઈક અલગ જ મંજૂર હશે. કાકા હજુ તો પરત ફરવાના રસ્તામાં જ હતા, ત્યાં જ તેમના મોબાઈલ પર શાળાના સંચાલકોનો ફોન રણક્યો હતો. ફોન પર આવેલા સમાચાર સાંભળીને કાકાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. શાળામાંથી જાણ કરવામાં આવી હતી કે, ધોરણ ૮ માં ભણતા કુંજે પોતાના રૂમમાં જ ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું છે. આ હચમચાવી મુકનાર સમાચાર સાંભળીને કાકા અને અન્ય પરિવારજનો તાત્કાલિક બોરસદ તરફ દોડી ગયા હતા.

કુમળી વયના અને ધોરણ ૮ માં ભણતા વિદ્યાર્થીએ હોસ્ટેલમાં ગયાની ગણતરીની કલાકોમાં જ ગળાફાંસો ખાઈને આવું ભયંકર પગલું શા માટે ભર્યું? તે અંગે અનેક તર્કવિતર્કો સર્જાયા છે. કુંજના આમ અચાનક અને અકાળે નિધનથી માથુકિયા પરિવારમાં કાળો કલ્પાંત છવાઈ ગયો છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતની નોંધ કરી, બાળકને કોઈ તકલીફ હતી કે કેમ તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

### જેતપુરમાં ’પવન ટ્રાવેલ્સ’ના ગુનાહિત કૌભાંડમાં નવો વળાંક

# પોલીસ લાઈનમાંથી જ જપ્ત કરેલી બસના ચેસીસ નંબર ભૂંસી નખાયા!



## એક જ નંબર પ્લેટ પર ૪ બસો ચલાવવાના મસમોટા કૌભાંડમાં પોલીસ દ્વારા જપ્ત કરાયેલી બસ સાથે ચેડાં થતા પોલીસબેડામાં ખળભળાટ

જેતપુરઃજેતપુરમાં થોડા સમય અગાઉ ’પવન ટ્રાવેલ્સ’ના સંચાલકો દ્વારા સરકારને ચૂનો લગાવી, એક જ નંબર પ્લેટ ઉપર ૪ અલગ-અલગ બસો ચલાવવાના આંતરરાજ્ય કૌભાંડનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. પરંતુ હવે આ મામલામાં એક અત્યંત ચોંકાવનારો વળાંક આવ્યો છે. આ ગુનામાં પોલીસ દ્વારા જપ્ત કરીને જેતપુર સીટી પોલીસ લાઈનના ગ્રાઉન્ડમાં રાખવામાં આવેલી એક બસમાં, કોઈ અજાણ્યા શખ્સે ઘૂસણખોરી કરી ચેસીસ નંબર ભૂંસી નાખતા અને પુરાવાનો નાશ કરતા પોલીસબેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત સત્તાવાર વિગતો અનુસાર, જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના પી.એસ.આઈ કિરણકુમાર બકુલભાઈ ગઢવીએ અજાણ્યા ઈસમ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. ગત તા. ૦૭/૦૭/૨૦૨૬ ના રોજ જેતપુર-જૂનાગઢ હાઈવે પર આવેલ વિરાટ સ્ક્રેપ એન્ડ બોડી બિલ્ડર ગેરેજમાં પોલીસે રેડ કરી હતી. આ રેડમાં પાવનભાઈ ઉર્ફે ટોનુભાઈ જયસ્વાલ અને અલ્પેશભાઈ ઉર્ફે ટોનુભાઈ જયસ્વાલ (રહે. જેતપુર) એક જ આર.ટી.ઓ રજિસ્ટ્રેશન નંબર (GJ 14 T 0932) ની બોગસ નંબર પ્લેટ લગાવીને ૪ અલગ-અલગ લક્ઝરી બસો ચલાવતા હોવાનું ઝડપાયું હતું.

પોલીસે રૂ. ૬૫ લાખની કિંમતની આ ચારેય બસો જપ્ત કરી, ઈ-સાક્ષ્ય એપ્લિકેશનમાં વિડિયોગ્રાફી સાથે પંચનામું કરી, તમામ બસોને જેતપુર સીટી પોલીસ લાઈનના ગ્રાઉન્ડમાં સઘન જાપ્તા હેઠળ રખાવી હતી.

આ મામલે ગત તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ આર.ટી.ઓ. અધિકારીઓની ટુકડી (ડી.એમ. પટેલ, જી.આર. રાબડીયા, ડી.એન. પટેલ, એસ.ડી. પટેલ) પોલીસ લાઈનમાં બસોનું પરીક્ષણ કરવા આવી હતી. ત્યારે તેઓને એક ચોંકાવનારી બાબત જાણવા મળી હતી કે, જપ્ત કરાયેલી ૪ બસો પૈકી રૂ. ૧૫ લાખની કિંમતની બસ નંબર-૩ (બ્લુ, કેસરી, પીળા કલરની પવન ટ્રાવેલ્સની બસ) માંથી ચેસીસ નંબર ભૂંસી નાખવામાં આવ્યા હતા.

પોલીસે તાત્કાલિક અગાઉ પંચનામા વખતે લીધેલો વિડીયો ચેક કરતા સ્પષ્ટ દેખાતું હતું કે બસના નીચેના ભાગે એલ્યુમિનિયમની કાળા કલરની પટ્ટી પર અને ચેસીસ પર એન્જિન અને ચેસીસ નંબર સ્પષ્ટ લખેલા હતા. પરંતુ તા. ૦૭ થી ૨૦ જુલાઈ વચ્ચે કોઈ અજાણ્યા શખ્સે પોલીસ લાઈનના ગ્રાઉન્ડમાં ગુનાહિત અપ-પ્રવેશ કર્યો હતો અને આર્થિક લાભ ખાતર કે પુરાવાનો નાશ કરવા માટે કોઈ સાધન વડે ચેસીસ નંબર ભૂંસી નાખી, એન્જિન નંબરની પટ્ટી પણ કાઢી નાખી હતી.

પોલીસ કસ્ટડીમાં રહેલા મુદ્દામાલ સાથે ચેડાં થવાની આ ગંભીર ઘટનાને પગલે આખરે પી.એસ.આઈ. ગઢવીએ જેતપુર સીટી પોલીસમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ બી.એન.એસ.ની કલમ ૨૩૮(સી) અને ૩૨૯(૩) હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે. હાલ મહિલા પી.એસ.આઈ. ભાવનાબેન મારુ આ સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહ્યા છે. પોલીસ લાઈન જેવા સુરક્ષિત વિસ્તારમાં કોણે અને કેવી રીતે ઘૂસીને આ કારસ્તાન કર્યું? શું આમાં કૌભાંડીઓની કોઈ સંડોવણી છે કે કેમ? તે તમામ દિશામાં પોલીસ તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

# SD PAY/APNA PAYમાં ૧.૭૫ લાખ રોકાણકારો ફસાયાઃ રૂા.૬૩૪ કરોડનું ફ્રોડ

## અમરેલી સાયબર ક્રાઈમે SD પે અને અપના પે એપ્લિકેશન આધારિત રૂ. ૬૩૪ કરોડના નાણાકીય કૌભાંડનો પર્દાફાશ કર્યો



અમરેલી :

સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ મારફતે ટૂંકા સમયમાં અસાધારણ નાણાકીય વળતર આપવાની લાલચ આપી લોકોને રોકાણ કરાવતી એસ.ડી. પે અને અપના પે એપ્લિકેશન આધારિત નાણાકીય ગેરરીતિનો અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે આ કેસમાં કંપનીના ડિરેક્ટર સહિત છ શખ્સોને ઝડપી લઈને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં નાણાં મેળવવા અને તેની હેરફેર માટે ઉભી કરાયેલી વિવિધ કંપનીઓના ૧૫ બેન્ક ખાતામાં રૂા.૬૩૪ કરોડ જેટલી રકમ જમા થયાનું સામે આવ્યું છે.

અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં તા.૨ સપ્ટેમ્બરના રોજ સાવરકુંડલાનાં વનિતાબેન મનુભાઈ મારૂએ ફરિયાદ નોંધાવી હતી કે, એસડી પે અને અપના પે એપ્લિકેશનનાં ધવલ પટેલ (માલિક), ડિરેક્ટર્સ આશિષભાઈ ગેડીયા (રહે. સુરત), ભાવેશભાઈ ચૌહાણ (રહે. સુરત) ઉપરાંત પ્રમોટરો, સંચાલકો, એજન્ટો અને અન્ય સહયોગીઓએ લોકોને દર મહિને ૯ ટકા રિટર્ન અને કેશબેક જેવા આકર્ષક વળતરની લાલચ આપીને શરૂઆતમાં થોડા રોકાણકારોને વળતર ચૂકવી વિશ્વાસ કેળવ્યા બાદ રૂા. ૧૦ લાખથી વધુની થાપણો એકત્ર કરી અચાનક એપ્લિકેશનની સેવાઓ બંધ કરી નાસી ગયા હતા. આ કેસમાં મોટી સંખ્યામાં લોકો સંકળાયેલા હોવાનું જણાતા મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીના નેતૃત્વ હેઠળ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ)ની રચના કરીને તપાસનો ધમધમાટ ચાલુ કર્યો હતો.

પોલીસ તપાસમાં એક આરોપીના એસડી પે ખાતાની વિગતો તપાસતાં તેના રેફરલથી પ્રથમ લેયરમાં ૨૭૧ લોકોને રોકાણ કરાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ આ લોકો મારફતે અલગ-અલગ લેયરમાં રેફરલ કરાવી અંદાજે દોઢથી પોણા બે લાખ લોકોને એસડી પે સાથે જોડીને રોકાણ કરાવવામાં આવ્યું હોવાનો ઘટસ્ફોટ થયો છે. વળી, પોલીસે પ્લે સ્ટોર પર એપ્લિકેશનની તપાસ કરતાં તેમાં ૧૦ લાખથી વધુ યુઝર જોડાયેલા હોવાનું પણ જણાયું છે, જેથી વાસ્તવિક રોકાણકારોની સંખ્યા અંગે વધુ તપાસ ચાલુ છે.

### સેવાઓ બંધ કરી નાસી છૂટેલા કંપનીના ડિરેક્ટર સહિત ૬ આરોપીઓની ધરપકડ કરાઈ છે. ૧૫ બેન્ક ખાતામાં કરોડો રૂપિયા જમા થયાનું ખુલ્યું

પોલીસ તપાસમાં નાણાં મેળવવા તથા તેની હેરફેર માટે એસ.ડી. હબ (ઓપીસી) પ્રા.લિ., શિવ ધરતી કમ્યુનિકેશન પ્રા.લિ., શિવધરતી ટેકનોલોજી પ્રા.લિ., યુ પે ડીજી પેમેન્ટ ઈન્ડિયા લિ., યુ પે ડીજી ઈન્ડિયા પ્રા.લિ., યુ પેમેન્ટ ઈન્ડિયા લિ. અને હસલનેસ્ટ પ્રા.લિ. નામની કંપનીઓ ઊભી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ કંપનીઓના નામે ૧૫ બેન્ક ખાતાંનો ઉપયોગ થયો હોવાનું અને તેમાં અંદાજે રૂા.૬૩૪ કરોડ જમા થયાનું પોલીસ તપાસમાં જણાયું છે. આ ઉપરાંત છ આરોપીઓ આશિષ ગેડિયા, ભાવેશ ધીરુ ચૌહાણ, નીશી સત્યનારાયણ પ્રસાદ, સોહિલ જીતેન્દ્ર મકવાણા, નિરવ અરવિંદ પટેલ અને સૂર્યસિંહ રાઠોડના અલગ-અલગ બેન્કોમાં ૩૦થી ૩૫ જેટલા વ્યક્તિગત બેન્ક ખાતાં પણ મળી આવ્યા છે. આ ખાતાઓ અંગે તપાસમાં સાયબર ફ્રોડનો આંકડો હજુ ઉંચો જવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.ભૌગોલિક નકશા તપાસો

**સાયબર ફ્રોડમાં પકડાયેલા છ આરોપીઓઃ**

(૧) આશિષભાઈ છગનભાઈ ગેડિયા (ઉં.૩૮, વેપારી, રહે. સી-૨૦૨, સર્જન પેલેસ, ભરીમાતા રોડ, સિંગણપોર ચાર રસ્તા, કતારગામ, સુરત શહેર. મૂળ વતન વણોટ ગામ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી.) (૨) ભાવેશભાઈ ધીરુભાઈ ચૌહાણ (ઉં.૪૧, વેપારી, રહે. ૫૦૬, સંસ્કાર વિલા એપાર્ટમેન્ટ, નવા ફળિયા, કતારગામ, સુરત શહેર. મૂળ વતન ખોડિયારનગર, નેસડી રોડ, જયશ્રી ટોકીઝ પાછળ, સાવરકુંડલા, જિ. અમરેલી.) (૩) નીશી સત્યનારાયણ પ્રસાદ (ઉં.૪૭, વેપારી, રહે. ૩, ડ્રીમલેન્ડ સોસાયટી, રાધનપુર રોડ, એરોડ્રામ પાસે, મહેસાણા. મૂળ વતન બંજરિયા ગામ, રાજ્ય બિહાર) (૪) સોહિલભાઈ જીતેન્દ્રકુમાર મકવાણા (ઉં.૨૬, ખાનગી નોકરી, રહે. પારસ સોસાયટી, પોલીસ હેડક્વાર્ટર પાસે, મહેસાણા.) (૫) નિરવકુમાર અરવિંદભાઈ પટેલ -શિહોરા (ઉં.૩૨, ખાનગી નોકરી, રહે. પટેલવાસ, પ્રતાપનગર, રાતેજ, બલોલ, જિ. મહેસાણા.) (૬) સૂર્યસિંહ જગતસિંહ રાઠોડ-રાજપૂત (ઉં.૨૪, એસ.ડી. હબ કંપનીના ડિરેક્ટર, રહે. ગામ ખડાત મહુડી, તા. માણસા, જિ. ગાંધીનગર.)

**૧૨ બેંક એકાઉન્ટ સામે દેશભરમાંથી ૮૩ ફરિયાદોઃ**

આરોપીઓ અને કંપનીઓ સાથે સંકળાયેલા બેન્ક ખાતાઓની એન.સી.સી.આર.પી. પોર્ટલ પર તપાસ કરતાં કુલ ૧૨ બેન્ક ખાતાં સામે દેશભરમાંથી ૮૩ સાયબર ફ્રોડની ફરિયાદો મળી આવી હોવાનું પોલીસે જણાવ્યું છે. આ ફરિયાદોમાં દર્શાવાયેલી ફ્રોડની રકમ રૂા.૨૩,૦૮,૭૩,૫૬૭ છે, જ્યારે ડિસ્પ્યુટેડ રકમ રૂા.૭૬,૮૪,૯૨૬ હોવાનું અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે. જે મામલે હવે વધુ રોકાણકારોની તપાસ કરવામાં આવનાર હોવાનું પોલીસે જણાવ્યું છે.

દૈનિક કેશબેકથી બિલ પેમેન્ટ, મોબાઈલ રિચાર્જ વગેરે કરી શકાતા!એસ.ડી. પે એપ્લિકેશનમાં રૂા.૧,૦૦૦થી રૂા.૨૫,૦૦૦ સુધીના રોકાણ પર દૈનિક કેશબેક આપવામાં આવતું હતું, જે કેશબેકનો ઉપયોગ એપ્લિકેશન મારફતે બિલ પેમેન્ટ, મોબાઈલ રિચાર્જ સહિતની સેવાઓમાં કરી શકાતો હતો. આ સાથે રેફરલ યોજનામાં નવા સભ્યો જોડાવા બદલ ૧૫ લેયર સુધી કેશબેક બોનસ આપવાની લાલચથી લોકોમાં વિશ્વાસ ઊભો કરવામાં આવ્યો હતો.

# ગોંડલમાં કમિશનના હિસાબ બાબતે યુવાન પર હુમલો

## કાકા-ભત્રીજાએ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી

ગોંડલઃગોંડલના ભોજરાપરા વિસ્તારમાં રહેતા અને કમિશન એજન્ટ તરીકે વેપાર કરતા યુવાન પર આર.ટી.જી.એસ. વ્યવહારના કમિશન બાબતે થયેલી બોલાચાલી બાદ જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે ગોંડલ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.અભિષેક ઉર્ફે અભી ભુવા નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમણે ’અયાન ટ્રેડિંગ કંપની’ નામની પેઢીમાંથી રૂ.૧૫,૦૭,૦૦૦/- આર.ટી.જી.એસ. કરાવ્યું હતું. પરંતુ જેનું નક્કી થયેલું કમિશન અને આર.ટી.જી.એસ.થી મેળવેલા રૂપિયા આરોપીઓએ પરત આપ્યાં ન હતા.ગત તા. ૦૭/૦૬ના રોજ રાત્રિના સમયે ગોંડલ-જેતપુર રોડ પર પેટ્રોલ પંપ પાસેથી ફરિયાદી ઉઘરાણી કરવા જતા આરોપીઓ ઉશ્કેરાયા હતા. અભિષેક રાજેશ સોરઠીયા અને હરેશ વિઠ્ઠલ સોરઠીયાએ ફિરીયાદીને ઢીકાપાટુનો માર માર્યો હતો. એટલું જ નહી, આરોપીઓએ પોતાની ગાડીમાંથી પિસ્તોલ જેવું દેખાતું હથિયાર કાઢી તેના બટ વડે ફરીયાદીના માથાના ભાગે ઘા ઝીકી દીધો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ હુમલામાં આરોપીઓના કાકાએ પણ મદદગારી કરી હોવાનું સામે આવ્યું છે.ઉપરોક્ત બનાવ અંગે ગોંડલ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા વિવિધ કલમો હેઠળ અને રાજકોટ જિલ્લાના હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ કાયદેસરની ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરાઈ છે.

**યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત**

રાજકોટના લાખાજીરાજ ઉદ્યોગનગરમાં રહેતો ૨૯ વર્ષીય અજય મગનભાઈ પાતાણી સવારે રામનાથ મહાદેવના દર્શન કરીને ઘરે પાછો ફર્યો હતો ત્યારબાદ તેણે કોઈ કારણોસર ઘરના ઉપરના રૂમમાં છતના હૂક સાથે ચુંદડી બાંધીને ગળેફાંસો ખાઈ લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક અજય ત્રણ ભાઈ અને એક બહેનમાં સૌથી નાનો હોવાનું તેમજ તેને સંતાનમાં એક પુત્ર હોવાનું સામે આવ્યું છે જેને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. હાલ પોલીસ મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી યુવકે ક્યાં કારણોસર આપઘાત કર્યો તેનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.